સ્પર્ધાત્મક પરીક્ષના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

**WEEK 23**

[30/05/21 to 05/06/21]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


આજે જ DOWNLOAD કરો ICE APPLICATION

"ICE CLICKS"

ICE APP
ICE CLICKS
ડાઉનલોડ કરો
Google Play

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com



CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**30 MAY-2021**

- દિવસ મહિમા : 30 મે (1) હિન્દી પત્રકારત્વ દિવસ (2) ગોવા રાજ્ય સ્થાપના દિવસ ........ 02
- ચક્રવાત યાસ (Yaas) ઓડિશા અને પ.બંગાળમાં ત્રાટક્યું ........ 02
- પી.એમ. કેર ફોર ચિલ્ડ્રન યોજના ........ 03
- QUESTION ANSWERS ........ 05

**31 MAY-2021**

- દિવસ મહિમા : 31 મે, વિશ્વ તમાકુ નિષેધ દિવસ (World No Tobacco Day) ........ 06
- GST કાઉન્સિલની 43મી બેઠક ........ 06
- IFFCOએ લોન્ચ કર્યું વિશ્વનું પ્રથમ 'નેનો યુરિયા લિક્વિડ' ........ 06
- ભારતીય નૌસેનાએ એડવાન્સ્ડ લાઈટ હેલિકોપ્ટર પર મેડિકલ ICU સ્થાપ્યું ........ 07
- QUESTION ANSWERS ........ 08

**01 JUNE-2021**

- દિવસ મહિમા : 1 જૂન, (1) વૈશ્વિક માતા-પિતા દિવસ (2) વિશ્વ દૂધ દિવસ (3) આંતરરાષ્ટ્રીય બાળ સુરક્ષા દિવસ ........ 09
- બંગાળના મુખ્ય સચિવની બદલી સંબંધિત મુદ્દો ........ 09
- OPV સજગને ભારતીય કોસ્ટગાર્ડમાં સામેલ કરવામાં આવ્યું ........ 11
- SBI એ ભારતના નાણાકીય વર્ષ 2022ના GDPના અનુમાનને સુધારી 7.9% કર્યો ........ 11
- WHO એ ભારતમાં મળી આવેલા COVID-19 વેરિઅન્ટનું નામકરણ કર્યુ ........ 12
- QUESTION ANSWERS ........ 13

**02 JUNE-2021**

- ન્યાયધીશ શ્રી અરૂણ કુમાર મિશ્રાની 'રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ'ના અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી ........ 14
- લેફ્ટનન્ટ જનરલ શ્રી પ્રદીપ ચંદ્રન નાયરની આસામ રાઈફલ્સના ડાયરેક્ટર જનરલ તરીકે નિમણૂક ........ 15
- ગુજરાતની 7 યુનિવર્સિટીઓને 'Center of Excellence'નો દરજ્જો આપવામાં આવશે. ........ 16
- QUESTION ANSWERS ........ 17

**03 JUNE-2021**

- દિવસ મહિમા : 3 જૂન, વિશ્વ સાઈકલ દિવસ ........ 18
- SDG India Index 2020-21માં સમગ્ર દેશમાં કેરળ પ્રથમ ........ 18
- ભાડુઆત અને મકાનમાલિકને સમાન અધિકાર આપતો કાયદો 'મોડેલ ટેનન્સી એક્ટ'ને મંજૂરી આપવામાં આવી ........ 20
- QUESTION ANSWERS ........ 22

**04 JUNE-2021**

- દિવસ મહિમા : 4 જૂન, આક્રમણનો ભોગ બનેલા નિર્દોષ બાળકોનો આંતરરાષ્ટ્રીય દિવસ ........ 23
- નાસિકમાં બૌધ્ધ ગુફા પરિસરમાં ત્રણ ગુફા મળી આવી ........ 23
- નાણાકીય નીતિ (Monetary Policy)માં RBIએ દરો યથાવત રાખ્યા ........ 23
- એન્ક્રિપ્ટેડ ડેટાને પ્રાપ્ત કરવા માટે 'ચિપ-ઓફ-તકનીક' વિકસાવવામાં આવી ........ 23
- બ્લુ-ફિનેડ મહાસીરને IUCN રેડ લિસ્ટમાંથી દૂર કરાઈ ........ 24
- QUESTION ANSWERS ........ 25

**05 JUNE-2021**

- દિવસ મહિમા : 5 જૂન, 'વિશ્વ પર્યાવરણ દિન' (World Environment Day) ........ 26
- વર્લ્ડ એમ્પ્લોયમેન્ટ એન્ડ સોશિયલ આઉટલુક ટ્રેન્ડ્સ રિપોર્ટ- 2021 ........ 26
- વર્ષ 2025 સુધીમાં ભારત 20% ઈથેનોલ મિશ્રિત લક્ષ્ય પ્રાપ્ત કરશે. ........ 27
- QUESTION ANSWERS ........ 28

**ONE LINER** ........ 29

**QUESTION OF THIS WEEK** ........ 33


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 30 મે (1) હિન્દી પત્રકારત્વ દિવસ
## (2) ગોવા રાજ્ય સ્થાપના દિવસ

### હિન્દી પત્રકારત્વ દિવસ

ભારતમાં દર વર્ષે 30 મેના રોજ 'હિન્દી પત્રકારત્વ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસ ભારતીય પત્રકારત્વ માટે ખાસ કરીને હિન્દી ભાષી પત્રકારો માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે, તેમજ આ દિવસ સમાજના વિકાસમાં પત્રકારોના યોગદાન, પારદર્શિતા અને જવાબદારી નક્કી કરવામાં તેમની ભૂમિકા દર્શાવે છે.
- 30 મે, 1826ના રોજ શ્રી પંડિત યુગલ કિશોર શુક્લાએ પ્રથમ હિન્દી અખબાર 'ઉદંત માર્તાન્ડ'નું પ્રકાશન કર્યુ હતું.
- ઉદંત માર્તાન્ડનો અર્થ 'સમાચાર–સૂર્ય' થાય છે.
- ઉદંત માર્તાન્ડ દર અઠવાડિયે મંગળવારે પ્રકાશિત થતું હતું.
- નાણાકીય અભાવને કારણે વર્ષ 1827માં આ પ્રકાશનને બંધ કરવામાં આવ્યું હતું.

નોંધ : (1) શ્રી પંડિત કિશોર યુગલ કાનપુરના રહેવાસી હતા અને વ્યવસાયે તેઓ વકીલ હતા.
(2) ઈતિહાસકારો તેમને ભારતીય પત્રકારત્વના પિતા ગણે છે.

## ચક્રવાત યાસ (Yaas) ઓડિશા અને પ.બંગાળમાં ત્રાટક્યું

બંગાળની ખાડીમાં ઉદ્ભવેલું ભયાનક ચક્રવાત યાસ (Yaas) ઓડિશાના ધામરા અને બાલાસોર નજીક લેન્ડફોલ થયું હતું.

- યાસ ચક્રવાતને કારણે ઓડિશા અને પ.બંગાળમાં ભારે તારાજી સર્જી હતી. ત્યારબાદ આ વાવાઝોડું નબળુ પડી ઝારખંડ આગળ વધ્યું હતું.
- નોંધનીય છે કે આ અગાઉ ચક્રવાત તૌકતેને કારણે ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા અને કર્ણાટક રાજ્યને અસર થઈ હતી.

### યાસ ચક્રવાતનું નામકરણ

- યાસ (Yass) ચક્રવાતનું નામ ઓમાન દ્વારા આપવામાં આવ્યું છે.
- યાસ એ ફારસી ભાષાનો શબ્દ છે જેનો અંગ્રેજીમાં અર્થ 'જાસ્મિન' (Jasmin) થાય છે.
- ચક્રવાત યાસ બંગાળની ખાડીમાં ઉદ્ભવેલું શક્તિશાળી ઉષ્ણકટિબંધીય ચક્રવાત હતું.
- ઉષ્ણકટિબંધીય ચક્રવાત સામાન્ય રીતે ઉત્તર હિંદ મહાસાગર ક્ષેત્ર (બંગાળની ખાડી અને અરબી સમુદ્ર)માં ચોમાસા પૂર્વે (એપ્રિલથી જૂન) અને ચોમાસા પછીનો સમયગાળો (ઓક્ટોબર થી ડિસેમ્બર) દરમિયાન વિકસે છે. જે ભારતીય દરિયાકિનારાને વધારે નુકસાન કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વર્ગીકરણ

- ચક્રવાત યાસને ખૂબ જ ગંભીર ચક્રવાતી તોફાનની કેટેગરીમાં રાખવામાં આવ્યું છે.
- ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા ઉત્પન્ન થતી મહત્તમ સ્થિર સપાટીની પવનની ગતિના આધારે ચક્રવાતને વર્ગીકૃત કરવામાં આવે છે.
- હવાની ગતીના આધારે IMD અનુસાર ચક્રવાતનું વર્ગીકરણ આ પ્રમાણે કરવામાં આવે છે.

| ક્રમ | કેટેગરી | હવાની એવરેજ ઝડપ (કિ.મી. પ્રતિ કલાકમાં) |
|---|---|---|
| 1 | ડિપ્રેશન | 31 થી 50 |
| 2 | ડીપ ડિપ્રેશન | 51 થી 62 |
| 3 | ચક્રવાતી તોફાન | 62 થી 68 |
| 4 | ગંભીર ચક્રવાત તોફાન | 88 થી 117 |
| 5 | ખૂબ ગંભીર ચક્રવાતી તોફાન | 118 થી 165 |
| 6 | અત્યંત ગંભીર ચક્રવાતી તોફાન | 116 થી 220 |
| 7 | સુપર ચક્રવાતી તોફાન | 221 થી વધુ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# પી.એમ. કેર ફોર ચિલ્ડ્રન યોજના

તાજેતરમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં પી.એમ કેર ફોર ચિલ્ડ્રન યોજના હેઠળ કવિડ-19 મહામારીના કારણે જે બાળકોએ તેમના માતા–પિતા ગુમાવ્યા છે. તેવા બાળકોને તેઓ 18 વર્ષના થાય ત્યારે માસિક સ્ટાઈપેન્ડ અને 23 વર્ષના થાય ત્યારે 10 લાખ રૂપિયા મળશે.

- આ ઉપરાંત આ બાળકોને ઉચ્ચ શિક્ષણ માટે શિક્ષણ લોન માટે સહકાર પણ આપવામાં આવશે.
- પી.એમ. કેર ફંડ ફોર ચિલ્ડ્રન યોજનાની મુખ્ય જાગવાઈઓ નીચે મુજબ છે.

## બાળકોના નામે ફિક્સ ડિપોઝીટ

- બાળક 18 વર્ષનું થશે ત્યારે દર મહિને આર્થિક સહાય મળી રહે તે માટે 18 વર્ષથી આગામી પાંચ વર્ષ માટે સ્ટાઈપેન્ડ આપવામાં આવશે.
- તે બાળક 23 વર્ષની વયે પોહંચે ત્યારે રૂ.10 લાખની ફિક્સ ડિપોઝીટ કરવામાં આવશે.

## 10 વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે શાળાકીય સહાય

- બાળકને નજીકની કેન્દ્રીય વિદ્યાલય અથવા તો દિવસીય સ્કોલર તરીકે ખાનગી સ્કૂલમાં પ્રવેશ મળશે.
- જો બાળકને ખાનગી શાળામાં પ્રવેશ મળ્યો હશે તો RTE હેઠળ પી.એમ કેર ફંડમાંથી તેની ફી ચૂકવાશે.
- આ ઉપરાંત પી.એમ કેર ફંડમાંથી બાળકના યુનિફોર્મ, પાઠ્યપુસ્તકો તથા નોટબૂકનો ખર્ચ પણ ચૂકવાશે.

## 11 થી 18 વર્ષના બાળકો માટે શાળાકીય શિક્ષણ

- બાળકને કેન્દ્ર સરકારની રેસિડેન્શિયલ સ્કુલ જેવી કે સૈનિક સ્કૂલ કે નવોદય વિદ્યાલયમાં પ્રવેશ અપાશે.
- જો બાળક તેના દાદા–દાદી અથવા તો પરિવાર સાથે જ રહેવાનું જારી રાખશે તો તે બાળકને નજીકના કેન્દ્રીય વિદ્યાલય અથવા તો ખાનગી સ્કૂલમાં દિવસીય સ્કોલર તરીકે પ્રવેશ અપાશે.
- જો બાળકને ખાનગી શાળામાં દાખલ કરાશે તો પી.એમ કેર ફંડ દ્વારા RTE હેઠળ તેની ફી ચૂકવાશે.
- આ ઉપરાંત પી.એમ. કેર ફંડમાંથી તે બાળકના યુનિફોર્મ, પાઠ્યપુસ્તક અને નોટબૂકનો ખર્ચ પણ ચૂકવવામાં આવશે.

## ઉચ્ચ શિક્ષણ માટે સહકાર

- બાળકને શૈક્ષણિક લોનના પ્રવર્તમાન નિયમો હેઠળ ભારતમાં વ્યાવસાયિક કોર્સ અથવા તો ઉચ્ચ શિક્ષણ માટે લોન પ્રાપ્ત કરવામાં મદદ કરશે. અને આ લોન પરનું વ્યાજ પી.એમ. કેર ફંડમાંથી ચૂકવવામાં આવશે.
- બાળકને કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકારની વિવિધ યોજના ટ્યૂશન ફી અથવા અંડરગ્રેજ્યુએટના કોર્સ માટેની ફી અથવા વોકેશનલ કોર્સ માટેની ફીની બરાબરી મુજબની સ્કોલરશિપ આપવામાં આવશે.

## આરોગ્ય વિમો

- તમામ બાળકોને આયુષમાન ભારત યોજના (PMJAY) હેઠળ રૂ. 5 લાખના આરોગ્ય વીમા કવચના લાભમાં આવરી લેવામાં આવશે.
- આ બાળકોના આરોગ્ય વીમાની રકમ તેઓ 18 વર્ષના થાય ત્યાં સુધી પી.એમ. કેર ફંડ દ્વારા ચૂકવવામાં આવશે.



## SUNDAY Questions

1. ભારતમાં કયા દિવસે 'હિન્દી પત્રકારત્વ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 30 મે (B) 31 મે (C) 1 જૂન (D) 2 જૂન (A)

2. ગોવા રાજ્ય સ્થાપના દિવસની ઉજવણી કયા દિવસે કરવામાં આવે છે ?

(A) 30 મે (B) 31 મે (C) 1 જૂન (D) 2 જૂન (A)

3. શ્રી પંડિત યુગલ કિશોર શુકલાએ પ્રથમ હિન્દી અખબાર 'ઉદંત માર્તાન્ડ'નું કયા વર્ષે પ્રકાશન કર્યુ હતું.

(A) 1826 (B) 1827 (C) 1828 (D) 1829 (A)

4. મે, 2021 માં ઓડિશા અને પ.બંગાળમાં ત્રાટકેલા ચક્રવાતનું શું નામ છે ?

(A) નિસર્ગ (B) ગતિ (C) યાસ (D) નિવાર (C)

5. યાસ (Yaas) ચક્રવાતનું નામ કયા દેશ દ્વારા આપવામાં આવ્યું છે ?

(A) બાંગ્લાદેશ (B) ઓમાન (C) ઈરાન (D) ભારત (B)

6. યાસ (Yaas) ચક્રવાત વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) યાસ (Yaas) ચક્રવાતનું નામ ઓમાન દેશ દ્વારા આપવામાં આવ્યું છે.

(B) યાસ ફારસી ભાષાનો શબ્દ છે જેને અંગ્રેજીમાં જાસ્મિન (Jasmin) કહેવાય છે.

(C) ચક્રવાત યાસ બંગાળની ખાડીમાં ઉદ્ભવેલુ ઉષ્ણકટિબંધીય ચક્રવાત હતું.

(D) ઉપરોક્ત તમામ (D)

7. 'પી.એમ.કેર ફોર ચિલ્ડ્રન યોજના' વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ યોજના અંતર્ગત કોરોના મહામારીમાં જે બાળકે તેમના માતા–પિતા ગુમાવ્યા છે તેમને કેન્દ્ર સરકાર સહાય કરશે.

2. આ યોજના અંતર્ગત બાળક 18 વર્ષનું થશે ત્યારથી આગામી પાંચ વર્ષ માટે માસિક સ્ટાઈપેન્ડ આપવામાં આવશે.

3. બાળક 23 વર્ષનું થશે ત્યારે રૂ. 10 લાખની ફિક્સ ડિપોઝિટ (FD) કરવામાં આવશે.

4. આ યોજના અંતર્ગત પી.એમ.કેર ફંડમાંથી બાળકને શાળાકીય સહાય પણ કરવામાં આવશે.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 3 (C) 1, 2, 3 અને 4 (D) ફક્ત 1 અને 4 (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 31 મે, વિશ્વ તમાકુ નિષેધ દિવસ (World No Tobacco Day)

સમગ્ર વિશ્વમાં 31 મેના રોજ 'વિશ્વ તમાકુ નિષેધ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ તમાકુના ઉપયોગની નકારાત્મક સ્વાસ્થ્ય અસરો અંગે જાગૃતિ કેળવવાનો છે.
- આથી, આ દિવસે સમગ્ર વિશ્વમાં 24 કલાક માટે તમાકુના તમામ સ્વરૂપોના ઉપયોગનો ત્યાગ કરવા લોકોને પ્રોત્સાહિત કરવામાં આવે છે.
- WHOના સભ્ય દેશો દ્વારા વર્ષ 1987માં 'વિશ્વ તમાકુ નિષેધ દિન'ની રચના કરવામાં આવી હતી.
- વર્ષ 2021ની 'વર્લ્ડ નો ટોબેકો ડે'ની થીમ 'Commit to Quit' છે.

નોંધ : 'વિશ્વ તમાકુ નિષેધ દિન' 31 મેના રોજ ઉજવાય છે જ્યારે 'વિશ્વ માદક પદાર્થ વિરોધી દિન' 26 જૂનના રોજ ઉજવાય છે.

## GST કાઉન્સિલની 43મી બેઠક




તાજેતરમાં GST (Goods and Services Tax) કાઉન્સિલની 43 મી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

- નાણાકીય વર્ષ 2021-22માં GST કાઉન્સિલની આ પ્રથમ બેઠક હતી.
- આ બેઠકમાં કોવિડ સંબધિત સાધનોમાં GSTમાંથી અને આવી અન્ય ઘણી વસ્તુઓની આયાતને GST માંથી છૂટ આપવાનો નિર્ણય લીધો છે.
- GSTમાંથી છૂટ આપવાની તારીખને પણ 31 ઓગસ્ટ 2021 સુધી લંબાવવામાં આવી છે.
- રાહત સામગ્રીની આયાત પર ત્યાં સુધી છૂટ આપવામાં આવશે જ્યાં સુધી રાજ્ય સરકારને દાનના સ્વરૂપમાં ન દેવામાં આવી હોય. બ્લેક ફંગસના વધતા કેસોને ધ્યાનમાં રાખીને તેમની એક જરૂરી દવા 'એમ્ફોટેરિસિન–બી'ને પણ GST માંથી છૂટની સૂચીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. GST કાઉન્સિલ, GST સંબંધિત મુદ્દઓ પર કેન્દ્ર અને રાજ્ય સરકારોને ભલામણ કરવા માટેની બંધારણીય બોડી (અનુચ્છેદ-279(A)) છે. તેમની અધ્યક્ષતા કેન્દ્રીય નાણામંત્રી કરે છે. તથા અન્ય સભ્યોમાં કેન્દ્રીય મહેસૂલ અને તમામ રાજ્યોના નાણાં અથવા કરવેરાના પ્રભારી મંત્રી હોય છે.

## IFFCOએ લૉન્ચ કર્યુ વિશ્વનું પ્રથમ 'નેનો યુરિયા લિક્વિડ'

તાજેતરમાં IFFCO એ સમગ્ર વિશ્વના ખેડૂતો માટે સૌપ્રથમ 'નેનો યુરિયા લિક્વિડ' (Nano Urea Liqued) તૈયાર કર્યુ છે.

- IFFCOએ જણાવ્યું હતું કે નેનો લિક્વિડ યુરિયાની 500 મિલીલીટરની બોટલ ઓછામાં ઓછી સામાન્ય યુરિયાની 1 બોરી (બેગ) બરાબર હશે.

- આથી તે ખેડૂતોનો ખર્ચ ઘટાડશે અને પાકની ઉપજ અને આવકમાં વધારો થશે.
- તે પરંપરાગત યુરિયાના વિકલ્પ તરીકે છોડને નાઈટ્રોજન પ્રદાન કરતું પ્રવાહી પોષક તત્વ છે.
- નેનો યુરિયા લિક્વિડની 500 મિલીલીટરની એક બોટલમાં 40,000 મિલીગ્રામ નાઈટ્રોજન હોય છે. જે સામાન્ય યુરિયાની એક બેગ બરાબર નાઈટ્રોજન પોષક તત્વ પ્રદાન કરશે. છોડને નાઈટ્રોજન પહોંચાડવામાં પરંપરાગત યુરિયા 30-40% અસરકારક છે, જ્યારે નેનો યુરિયા લિક્વિડની અસરકારકતા 80% કરતા વધારે છે. તેનું નિર્માણ ગુજરાતના કલોલ સ્થિત બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટરમાં 'આત્મનિર્ભર ભારત અભિયાન' અને 'આત્મનિર્ભર કૃષિ અભિયાન' હેઠળ કરવામાં આવ્યું છે.

## નેનો યુરિયા શું છે ?

પાકની પોષક કાર્યક્ષમતામાં સુધારો કરવા માટે નેનો–ટેક્નોલોજી દ્વારા ઉત્પાદિત યુરિયાને નેનો યુરિયા કહેવામાં આવે છે. નેનો યુરિયા બે રીતે ઉત્પન્ન થાય છે.

1. સૌપ્રથમ ક્વિનહાઈડ્રોન (Quinhydrone) મિશ્રિત આલ્કોહોલ તૈયાર કરવામાં આવે છે.
2. ત્યારબાદ આ મિશ્રણને નેનો યુરિયા બનાવવા માટે કેલ્શિયમ સાયનામાઈડ ગ્રાન્યુલસ (Calcium Cynamide Granules) પર ફેલાવવામાં આવે છે.

## IFFCO

IFFCOનું પૂરું નામ 'Indian Farmers Fertiliser Cooperative Limited' છે. IFFCO એ ખાતરના ઉત્પાદન અને માર્કેટિંગમાં સામેલ ભારતની સૌથી મોટી સહકારી મંડળી છે.

- વર્ષ 1967માં માત્ર 57 સહકારી મંડળીઓની સાથે સ્થાપના કરવામાં આવી હતી.
- વર્તમાન IFFCO 36,000થી વધુ ભારતીય સહકારી મંડળીઓનું જૂથ છે.
- IFFCOનું વડું મથક નવી દિલ્હી ખાતે આવેલું છે.

નોંધ : 1. IFFCO તેની માથાદીઠ GDPના ટર્નઓવર દ્વારા વિશ્વની સૌથી મોટી સહકારી મંડળી છે.
2. આ નેનો યુરિયા લિક્વિડની એક બોટલની કિંમત રૂ. 240 નક્કી કરવામાં આવી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ભારતીય નૌસેનાએ એડવાન્સ્ડ લાઈટ હેલિકોપ્ટર પર મેડિકલ ICU સ્થાપ્યું

તાજેતરમાં ભારતીય નૌસેનાએ આઈ.એન.એસ હંસા (INS HANSA) માં એડવાન્સ્ડ લાઈટ હેલિકોપ્ટર પર મેડિકલ ICU (MICU) ની સ્થાપના કરી છે. હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL)એ આઈ.એન.એસ. હંસામાં INAS 323માંથી ALH MK-3 ઓન–બોર્ડ સ્થાપિત કર્યુ. ALH MK-3એ દરેક ઋતુંમાં ચાલનાર વિમાન છે. જે ભારતીય નૌકાદળને અતિવૃષ્ટિભર્યા હવામાન દરમિયાન પણ હવાઈ માર્ગથી બહાર નિકળવામાં મદદ કરશે.

- આ વિમાનને એર એમ્બ્યુલન્સમાં રૂપાતંરિત કરવા માટે બે–ત્રણ કલાકમાં સાધનો સ્થાપિત કરી શકાય છે.
- HAL ભારતીય નૌકાદળને આવા 8 મેડિકલ આઈ.સી.યુ આપશે.
- INS HANSA ગોવાના ડોબોલિમ ખાતે ભારતીય નૌકાદળનું વિમાન મથક છે.

નોંધ : (1) HAL સરકારની માલિકીની એરોસ્પેસ અને સંરક્ષણ કંપની છે તેની સ્થાપના 23 ડિસેમ્બર 1940ના રોજ થઈ હતી.
(2) HAL નું મુખ્યમથક બેંગલૂરુ ખાતે સ્થિત છે.

1. સમગ્ર વિશ્વમાં કયા દિવસે 'વિશ્વ તમાકુ નિષેધ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 30 મે (B) 31 મે (C) 30 જૂન (D) 31 જૂલાઈ (B)

2. વર્ષ 2021ના 'વિશ્વ તમાકુ દિવસ'ની થીમ શું છે ?

(A) Tobacco and Lungh (B) Tobacco and Heart Disease

(C) Commit to Quite (D) Raise Taxes on Tobacco (C)

3. મે 2021માં GST કાઉન્સિલની કેટલામી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું ?

(A) 39 (B) 43 (C) 45 (D) 48 (B)

4. તાજેતરમાં કોણે વિશ્વનું પ્રથમ 'નેનો યુરિયા લિક્વિડ' લોન્ચ કર્યુ છે ?

(A) IFFCO (B) GNFC (C) FACT (D) CFCL (A)

5. 'નેનો યુરિયા લિક્વિડ' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ લિક્વિડ IFFCO દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે.

2. નેનો લિક્વિડ યુરિયાની 500 ML બોટલ સામાન્ય યુરિયાની 1 બોરી બરાબર હશે.

3. તે પરંપરાગત યુરિયાના વિકલ્પ તરીકે છોડને નાઈટ્રોજન પ્રદાન કરતું પ્રવાહી પોષક તત્વ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 અને 3 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 (D)

6. ભારતીય નૌસેનાએ કોની મદદથી INS હંસામાં એડવાન્સ્ડ લાઈટ હેલિકોપ્ટર પર મેડિકલ ICU સ્થાપ્યું ?

(A) HAL (B) MAN (C) DRDO (D) ISRO (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# દિવસ મહિમા : 1 જૂન, (1) વૈશ્વિક માતા-પિતા દિવસ (2) વિશ્વ દૂધ દિવસ (3) આંતરરાષ્ટ્રીય બાળ સુરક્ષા દિવસ

## વિશ્વ દૂધ દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 1 જૂનના રોજ 'વિશ્વ દૂધ દિવસ' (World Milk Day)ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ ડેરી ક્ષેત્રના વિકાસ, દૂધ ઉત્પાદન પ્રવૃતિઓ અને દૂધના પોષક મુલ્યના મહત્વને પ્રોત્સાહન આપવાનો છે.
- ખાદ્ય અને કૃષિ સંગઠન (FAO) દ્વારા વર્ષ 2001થી દર વર્ષે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2021માં 'વિશ્વ દૂધ દિવસ'ની 21મી વર્ષગાંઠ છે.

નોંધ : ભારતમાં દર વર્ષે 26 નવેમ્બરના રોજ ડો. વર્ગિસ કુરિયનના જન્મ દિવસ નિમિત્તે 'રાષ્ટ્રીય દૂધ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

## બંગાળના મુખ્ય સચિવની બદલી સંબંધિત મુદ્દો

કેન્દ્ર સરકાર દ્વારા પશ્ચિમ બંગાળના મુખ્ય સચિવ વિરુધ્ધ અનુશાસનાત્મક કાર્યવાહી કરી શકે છે, કારણકે તે નવી દિલ્હીના કર્મચારી અને તાલીમ વિભાગ (DOPT)ને પૂર્વ–આદેશ મુજબ રિપોર્ટ કરવામાં નિષ્ફળ રહ્યા છે.

- કેબિનેટની નિયુક્ત સમિતિ (ACC)એ 'ભારતીય વહીવટી સેવા (કેડર)ના નિયમો, 1954'ના નિયમ 6(1)ની જોગવાઈઓ અનુસાર મુખ્ય સચિવની સેવાઓની નિયુક્તિને મંજૂરી આપી છે.
- કેબિનેટ નિયુક્ત સમિતિ (ACC)નું નેતૃત્વ વડાપ્રધાન દ્વારા કરવામાં આવે છે અને ગૃહમંત્રી તેમના સભ્ય હોય છે.
- નોંધનીય છે કે પશ્ચિમ બંગાળ કેડરના 1987 બેચના IAS અધિકારી શ્રી અલપન બંદોપાધ્યાય 31 મેના રોજ નિવૃત થવાના હતા.
- જો કે, કેન્દ્રની મંજૂરી બાદ તેમને ત્રણ મહિના માટે તેમના કાર્યકાળમાં વધારો કરવામાં આવ્યો હતો. આ માટે કેન્દ્ર સરકારને તેમને રિપોર્ટ કરવા જણાવ્યું હતું પરંતુ તે રિપોર્ટ કરવામાં નિષ્ફળ રહ્યા હતા.
- નોંધનીય છે કે વર્તમાનમાં તેઓએ પ.બંગાળના મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર તરીકેનું પદ સંભાળ્યું છે.

## રાજ્યના મુખ્ય સચિવ

મુખ્ય સચિવ ભારતીય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની સિવિલ સેવાઓમાં સૌથી વરિષ્ઠ પદ છે.

- આ પોસ્ટ ભારતીય વહીવટી સેવાની કેડર પોસ્ટ છે.
- મુખ્ય સચિવ રાજ્યના મંત્રીમંડળ સંબંધિત તમામ બાબતોમાં મુખ્યમંત્રીના સલાહકાર તરીકે કાર્ય કરે છે.
- મુખ્ય સચિવની પંસદગી મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવે છે.
- મુખ્ય સચિવની નિમણૂક મુખ્યમંત્રીના કારોબારી આદેશથી થાય છે, તેથી રાજ્યના રાજ્યપાલ દ્વારા તેમની નિમણૂક કરવામાં આવે છે.
- મુખ્ય સચિવનો કોઈ નિશ્ચિત કાર્યકાળ નિર્ધારિત કરવામાં આવ્યો નથી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અખિલ ભારતીય સેવાઓ (All India Services)

આ સેવાઓના સભ્યો કેન્દ્ર અને રાજ્ય અંતર્ગતના મહત્વપૂર્ણ ઉચ્ચ હોદ્દાઓ પર નિયુક્ત હોય છે.

- વર્તમાનમાં ભારતમાં ત્રણ અખિલ ભારતીય સેવાઓ છે.

**અખિલ ભારતીય સેવાઓ**
- ભારતીય વહીવટી સેવા (Indian Administrative Service - IAS)
- ભારતીય પોલીસ સેવા (Indian Police Service - IPS)
- ભારતીય વન સેવા (Indian Forest Service - IFS)

- વર્ષ **1947** પહેલા ભારતમાં ભારતીય સિવિલ સેવા (ICS) અંતર્ગત અધિકારીઓની નિમણૂક સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા કરવામાં આવતી હતી.
- પરંતુ વર્ષ **1947**માં **ICS** અને ઈન્ડિયન પોલિસ (IP)નું સ્થાન અનુક્રમે **IAS** અને **IPS**એ લીધું તથા આ બંને સેવાઓને બંધારણમાં અખિલ ભારતીય સેવા અંતર્ગત સ્થાન પ્રાપ્ત થયું.
- વર્ષ **1966**માં ભારતીય વન સેવા (IFS-Indian Forest Service)ને ત્રીજી અખિલ ભારતીય સેવાનો દરજ્જો પ્રાપ્ત થયો હતો.
- અખિલ ભારતીય સેવાઓના સભ્યોની ભરતી અને તાલીમ આપવાનું કાર્ય કેન્દ્ર સરકાર કરે છે, પરંતુ તેઓને દેશના અલગ–અલગ રાજ્યોમાં સેવા આપવા મોકલવામાં આવે છે.
- અખિલ ભારતીય સેવાઓ કેન્દ્ર અને રાજ્ય સરકારના સંયુક્ત નિયંત્રણમાં હોય છે. જેમાં તાત્કાલિક નિર્ણય રાજ્ય સરકાર દ્વારા પરંતુ અંતિમ નિર્ણય કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવે છે.

નોંધ : (1) અખિલ ભારતીય સેવામાં ઈન્ડિયન ફોરેન સર્વિસ (IFS)નો સમાવેશ થતો નથી.
(2) ભારતમાં સિવિલ સેવાના પિતા શ્રી લોર્ડ કોર્નવોલિસ છે.
(3) ICSની પરીક્ષા પાસ કરનાર પ્રથમ ભારતીય : સત્યેન્દ્રનાથ ટાગોર
(4) IPS અધિકારીઓનું તાલીમ કેન્દ્ર હૈદરાબાદમાં આવેલ છે. જેનું નામ સરદાર પટેલ રાષ્ટ્રીય પોલિસ એકેડેમી છે.
(5) IAS અધિકારીનું તાલિમ કેન્દ્ર ઉત્તરાખંડના મસુરી અને IFS અધિકારીનું તાલીમ કેન્દ્ર દેહરાદૂન ખાતે આવેલું છે.

## લોક સેવામાં ભરતી અને સેવા શરતો (અનુચ્છેદ-309)

સંસદ અને રાજ્ય વિધાનસભાને ક્રમશ : કેન્દ્ર અને રાજ્ય સરકારની લોક સેવાઓ અંતર્ગત કોઈ પદ પર વ્યક્તિઓની નિમણૂક અને તેમની સેવા–શરતો અંગેના નિયમ બનાવવાની સત્તા છે.

- અહીં નિમણૂક અને સેવા શરતો શબ્દ પ્રયોજાયા છે. જેમાં નિમણૂક વિશાળ અર્થમાં નિમણૂક, પંસદગી, બઢતી, બદલી વગેરેનો સમાવેશ થાય છે.
- સેવા શરતોમાં વેતન, ભથ્થા, સમયસર પગાર વધારો, રજા, નિવૃતિનો સમય, નિવૃતિના લાભ વગેરેનો સમાવેશ થાય છે.
- ત્રણેય સેવાઓમાં ભરતી પ્રક્રિયા યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) દ્વારા કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મહત્વના અનુચ્છેદ

ભારતીય બંધારણના ભાગ-14માં સંઘ અને રાજ્યો હેઠળની સેવાઓની જાગવાઈ કરવામાં આવી છે. જેના કેટલાક મહત્વના અનુચ્છેદ નીચે મુજબ છે.

| અનુચ્છેદ | જોગવાઈ |
|---|---|
| અનુચ્છેદ-309 | કેન્દ્ર અથવા રાજ્યમાં નોકરી કરતી વ્યક્તિઓની ભરતી અને સેવાની શરતો. |
| અનુચ્છેદ-310 | કેન્દ્ર અથવા રાજ્યની સેવાઓમાં મુદ્દત |
| અનુચ્છેદ-312 | અખિલ ભારતીય સેવાઓ |
| અનુચ્છેદ-315 | કેન્દ્ર અથવા રાજ્યો માટે જાહેર સેવા |
| અનુચ્છેદ-316 | આયોગના સભ્યોની નિમણૂક અને કાર્યકાળ |
| અનુચ્છેદ-319 | આયોગના સભ્યોને નિવૃતિ બાદ હોદ્દો ધારણ કરવા પર પ્રતિબંધ |
| અનુચ્છેદ-320 | જાહેર સેવા આયોગના કાર્યો |
| અનુચ્છેદ-323 | જાહેર સેવા આયોગના અહેવાલો |

## OPV સજગને ભારતીય કોસ્ટગાર્ડમાં સામેલ કરવામાં આવ્યું

તાજેતરમાં અપતટીય પેટ્રોલિંગ જહાજ (OPV-Offshore Patrol Vessel) સજગ (SAJAG)ને ભારતીય કોસ્ટ ગાર્ડમાં સામેલ કરવામાં આવ્યું છે.

- નોંધનીય છે કે ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શ્રી અજિત ડોવલે ભારતીય કોસ્ટ ગાર્ડને આ જહાજ સોંપ્યું હતું.
- ગોવા શિપયાર્ડ લિમિટેડ દ્વારા સ્વદેશી રીતે ડિઝાઈન અને ઉત્પાદિત 5 OPV માંથી આ ત્રીજું જહાજ છે. આ જહાજ મેક ઈન ઈન્ડિયા નીતિ હેઠળ બનાવવામાં આવે છે.
- અન્ય ચાર OPV જહાજના નામ સક્ષમ, સચેત, સુજિત અને સાર્થક છે.
- તે અદ્યતન તકનીકી ઉપકરણો, શસ્ત્રો અને સેન્સરથી જોડાયેલ છે. જેમાં એક જોડિયા એન્જિનવાળુ હેલિકોપ્ટર અને ચાર હાઈસ્પીડ બોટ વહન કરવા માટે સક્ષમ છે.
- OPV લાંબા અંતરની સપાટીવાળા વહાણ છે જે દરિયાઈ ક્ષેત્રોમાં પોલીસિંગ, નિયંત્રણ અને દેખરેખ તથા યુધ્ધ વિરોધી ભૂમિકાઓ અને તસ્કરી વિરોધી અભ્યાનો માટે સક્ષમ છે.

## SBI એ ભારતના નાણાકીય વર્ષ 2022ના GDPના અનુમાનને સુધારી 7.9% કર્યો

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના આર્થિક સંશોધન વિભાગે 'ઈકોરાપ-2021' (Ecowrap-2021) રિપોર્ટ પ્રકાશિત કર્યો છે.

- આ રિપોર્ટ અનુસાર 2022ના નાણાકીય વર્ષ માટેનો વાસ્તવિક GDPના અનુમાનને 10.4 સુધારીને 7.9 ટકા કર્યો છે.
- આ રિપોર્ટમાં કોવિડ-19 મહામારીની બીજી લહેરની અર્થતંત્ર પર પડેલી અસર વર્ણાવવામાં આવી હતી.
- આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, ચાલું નાણાકીય વર્ષમાં આંતરરાષ્ટ્રીય ચીજવસ્તુઓના ભાવોની બોલી GDPના દષ્ટિકોણને અસર કરશે.
- ચીજવસ્તુઓના ઉંચા ભાવની અસર ઘરેલું ભાવોમાં જોવા મળશે. જે વપરાશને અસર કરશે.

- એકંદરે વપરાશની બોલી વેપાર, પરિવહન, હોટલ, સંદેશાવ્યવહાર અને પ્રસારણ સંબંધિત સેવાઓમાં સુધારણા પર આધારિત છે, જે 25 કરોડ ઘરોને ટેકો આપે છે.
- નાણાકીય વર્ષ 2021ના ચોથા ક્વાર્ટરમાં કોર્પરેટએ સારી વૃધ્ધી નોંધાવી છે.

## WHO એ ભારતમાં મળી આવેલા COVID-19 વેરિઅન્ટનું નામકરણ કર્યુ

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)એ કોરોના વાયરસના ચિંતાજનક પ્રકારો માટે નવા નામ નક્કી કર્યા છે.

- ભારતમાં ઓક્ટોબરમાં મળી આવેલો કોરોના વાયરસનો વેરિઅન્ટ 1.617.2 હવે 'ડેલ્ટા' તરીકે ઓળખાશે.
- ભારતમાં આ પહેલા મળી આવેલા વેરિઅન્ટ B.1.617.1 ને 'કપ્પા' નામ આપવામાં આવ્યું છે.
- બ્રિટન (યુ.કે)માંથી મળી આવેલ વેરિઅન્ટનું નામ 'આલ્ફા' રાખવામાં આવ્યું છે.
- WHOએ ચિંતાજનક ચાર પ્રકારો B.1.1.7, B.1.351, P2 અને B.1.617.2 ની ઓળખ કરી છે. અને તેમને અનુક્રમે આલ્ફા, બીટા, ગામા અને ડેલ્ટા તરીકે લેબલ આપવામાં આવ્યા છે.
- આ ઉપરાંત વૈશ્વિક સ્તરે ગ્રીક નામ પણ આપવામાં આવ્યા છે.
- WHOએ જણાવ્યું હતું કે કોરોના વાયરસનો ભારતમાં સૌપ્રથમ મળી આવેલ B.1.617 વેરિઅન્ટ 53 દેશમાં નોંધાયો છે.
- WHOએ વાયરસના વેરિઅન્ટના આવા નામ સામન્ય સંવાદમાં સરળતા રહે તે માટે આપવામાં આવ્યા છે.
- UKમાં સૌપ્રથમ જોવા મળેલા વેરિઅન્ટને 'આલ્ફા', સાઉથ આફ્રિકામાં જોવા મળેલા વેરિઅન્ટને 'ગામા' નામ આપવામાં આવ્યું છે.

ICE MIRACLES
EXCLUSIVE FOR GPSC
(CLASS 1/2, P.I., S.T.I., DY.SO., DY. MAMLATDAR)
FREE DOWNLOAD

CLASS 1/2, P.I., S.T.I., DY.SO., DY. MAMLATDAR
અને MAINS માટે ખાસ
વિદ્યાર્થીઓના પ્રતિસાદને ધ્યાને
લઈ પુનઃશરૂ થવા જઈ રહ્યુ છે.

1. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'વૈશ્વિક માતા–પિતા દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 31 મે (B) 1 જૂન (C) 2 જૂન (D) 3 જૂન (B)

2. 'વિશ્વ દૂધ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 31 મે (B) 1 જૂન (C) 2 જૂન (D) 3 જુન (B)

3. તાજેતરમાં કયા રાજ્યના મુખ્ય સચિવની બદલી સંબંધિત મુદ્દો ચર્ચામાં રહ્યો હતો ?

(A) પ.બંગાળ (B) કર્ણાટક (C) કેરળ (D) તમિલનાડુ (A)

4. નીચેનામાંથી કઈ સેવાનો 'અખિલ ભારતીય સેવા'માં સમાવેશ થતો નથી ?

(A) Indian Administrative Service- IAS (B) Indian Police Service- IPS

(C) Indian Forest Service- IFS (D) Indian Foreign Service- IFS (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

5. મે, 2021માં કયા OPV જહાજને ભારતીય કોસ્ટગાર્ડમાં સામેલ કરવામાં આવ્યું છે ?

(A) સક્ષમ (B) સચેત (C) સજગ (D) સુજિત (C)

6. SBIના આર્થિક સંશોધન વિભાગે 'ઈકોરાપ-2021' રિપોર્ટ અનુસાર ભારતના નાણાકીય વર્ષ 2022ના GDPના અનુમાનને સુધારી_______ કર્યો છે.

(A) 5.6% (B) 7.9% (C) 7.1% (D) 6.5% (B)

7. ભારતમાંથી મળી આવેલ COVID-19 વેરિઅન્ટ 1.617.2ને WHO દ્વારા____ નામ આપવામાં આવ્યું છે.

(A) ડેલ્ટા (B) આલ્ફા (C) બીટા (D) કપ્પા (A)

8. ભારતમાંથી મળી આવેલ COVID-19 વેરિઅન્ટ 1.617.1ને WHO દ્વારા____ નામ આપવામાં આવ્યું છે.

(A) ડેલ્ટા (B) બીટા (C) કપ્પા (D) આલ્ફા (C)

## ન્યાયધીશ શ્રી અરૂણ કુમાર મિશ્રાની 'રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ'ના અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી

ન્યાયાધીશ (સુવાનિવૃત્ત) શ્રી અરૂણ કુમાર મિશ્રાની 'રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ' (NHRC)ના અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી છે.

- શ્રી અરૂણકુમાર મિશ્રા ભારતની સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ રહી ચૂક્યા છે.
- આ પહેલા તેઓ કોલકાત્તા હાઈકોર્ટ અને રાજસ્થાન હોઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ પણ હતા.
- આ ઉપરાંત તેઓ મધ્યપ્રદેશ હાઈકોર્ટમાં ન્યાયાધીશ પણ રહી ચૂક્યા છે.

### શ્રી અરૂણ કુમાર મિશ્રા



શ્રી અરૂણ કુમાર મિશ્રાનો જન્મ 3 સપ્ટેમ્બર, 1955ના રોજ થયો હતો.

- તેમના પિતાશ્રી હરગોવિંદ મિશ્રા મધ્યપ્રદેશ હાઈકોર્ટના ન્યાયાધીશ હતા.
- વર્ષ 2010માં તેઓ રાજસ્થાન હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ હતા.
- 14 ડિસેમ્બર, 2012ના રોજ કોલકાતા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. ત્યારબાદ તેઓ ભારતની સર્વોચ્ચ અદાલતામાં ન્યાયાધીશ બન્યા હતા.

### રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ

રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ (National Human Rights Commission- NHRC)ની રચના માનવાધિકાર સંરક્ષણ અધિનિયમ, 1993 અંતર્ગત કરવામાં આવી છે. આ એક વૈધાનિક સવાયત સંસ્થા છે.

- ભારત એક લોકતાંત્રીક દેશ છે. આથી દેશમાં માનવાધિકારોનું ઉલ્લંઘન ન થાય અને તમામને ન્યાય મળે તે માટે આયોગ કટીબધ્ધ છે.
- રાષ્ટ્રીય માનવાધિકાર આયોગનું મુખ્યાલય નવી દિલ્હી ખાતે આવેલું છે.

### આયોગનું માળખું

રાષ્ટ્રીય માનવાધિકાર આયોગમાં કુલ 5 સભ્યો હોય છે. જે નીચે મુજબ છે.

**આયોગનું માળખું**

- 1 અધ્યક્ષ (સર્વોચ્ચ ન્યાયાલયના સેવા નિવૃત ન્યાયાધીશ અથવા મુખ્ય ન્યાયાધીશ હોય છે)
- 1 સભ્ય (સર્વોચ્ચ ન્યાયલયમાં કાર્યરત કે સેવા નિવૃત ન્યાયાધીશ)
- 1 સભ્ય (ઉચ્ચ ન્યાયાલયમાં કાર્યરત કે સેવા નિવૃત ન્યાયાધીશ)
- 2 સભ્ય (માનવાધિકાર સંબંધિત જાણકાર કે અનુભવી)


- આ પાંચ સભ્યો ઉપરાંત રાષ્ટ્રીય અનુસૂચિત જન જાતિ આયોગ, અનુસૂચિત જાતિ આયોગ, રાષ્ટ્રીય બાળ સંરક્ષણ આયોગ, રાષ્ટ્રીય અલ્પસંખ્યક આયોગ, અને રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષ હોદ્દાની રૂએ રાષ્ટ્રીય માનવાધિકાર આયોગના પણ સભ્યો હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નિમણૂક

આયોગના અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા સમિતિની ભલામણના આધારે કરવામાં આવે છે.

- ભલામણ સમિતિમાં નીચે દર્શાવેલ સભ્યો હોય છે.




## કાર્યકાળ

- આયોગના અધ્યક્ષ અને સભ્યોનો કાર્યકાળ 3 વર્ષ અથવા 70 વર્ષની ઉંમર (જે પહેલા આવે તે)

## કાર્યો

- ન્યાયાલયના આદેશ દ્વારા કે સ્વયં કોઈ લોક સેવક દ્વારા કરવામાં આવતા માનવ અધિકારના ઉલ્લંઘનના બાબતની તપાસ કરવી.
- માનવાધિકારના ઉલ્લંઘન સંબંધિ કોઈપણ બાબતની તપાસ કરવી.
- માનવાધિકાર અને તેના સંરક્ષણ અંગેના કાયદાઓ પ્રતિ લોકોને જાગૃત કરવા.

ICE FOR COMPETITIVE EXAMS

# લેફ્ટનન્ટ જનરલ શ્રી પ્રદીપ ચંદ્રન નાયરની આસામ રાઈફલ્સના ડાયરેક્ટર જનરલ તરીકે નિમણૂક

તાજેતરમાં લેફ્ટન્ટ જનરલ શ્રી પ્રદીપ ચંદ્રન નાયરે આસામ રાઈફલ્સના ડાયરેક્ટર જનરલનું પદ સંભાળ્યું છે.

- શ્રી પ્રદિપ ચંદ્રન આસામ રાઈફલ્સના 21માં ડાયરેક્ટર જનરલ બન્યા છે.
- આ અગાઉ તે આસામ રાઈફલ્સમાં ઈન્સપેક્ટર જનરલ અને કંપની કમાન્ડર તથા બ્રિગેડ કમાન્ડર તરીકે પણ રહી ચૂક્યા છે.
- આસામ રાઈફલ્સ એ ભારતનું સૌથી જૂનું અર્ધ લશ્કરી દળ છે.
- તેની સ્થાપના વર્ષ 1853માં બ્રિટિશ શાસન દરમિયાન થઈ હતી.
- શરૂઆતમાં તેનું નામ 'કચર લેવી' હતું ત્યારબાદ વર્ષ 1915માં 'આસામ રાઈફલ્સ' રાખવામાં આવ્યું.
- આસામ રાઈફલ્સનું આદર્શ વાક્ય 'Sentinels of The North East' છે.
- તે કેન્દ્રીય ગૃહ મંત્રાલય હેઠળ કાર્ય કરે છે. જ્યારે તેની મૂળ એજન્સી ભારતીય સૈન્ય છે.
- આસામ રાઈફલ્સનું મુખ્ય મથક શિલોંગમાં આવેલું છે.

## ગુજરાતની 7 યુનિવર્સિટીઓને ‘Center of Excellence’ નો દરજ્જો આપવામાં આવશે.

ગુજરાત રાજ્યની સાત ખાનગી યુનિવર્સિટીઓને ‘સેન્ટર ઓફ એક્સેલન્સ’ (શ્રેષ્ઠતા કેન્દ્ર) (COE)નો દરજ્જો આપવામાં આવશે.

- મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ માટે સૈધ્ધાંતિક મંજૂરી આપી દીધી છે.
- યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓને શૈક્ષણિક તેમજ સંશોધન કાર્યના ચોક્કસ ક્ષેત્રોમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા પ્રોત્સાહિત કરે છે.
- સેન્ટર ઓફ એક્સેલેન્સ (COE)એ રાજ્ય સરકાર દ્વારા સૂચિત વ્યુહાત્મક અથવા સુરક્ષા સંબંધિત મહત્વની સંસ્થા છે.

### COE માં પસંદગી પામેલ 7 યુનિવર્સિટીઓ

| ક્રમ | યુનિવર્સિટીનું નામ |
|---|---|
| 1 | CEPT યુનિવર્સિટી |
| 2 | નિરમા યુનિવર્સિટી |
| 3 | પંડિત દિનદયાળ યુનિવર્સિટી |
| 4 | ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજી |
| 5 | અમદાવાદ યુનિવર્સિટી |
| 6 | મારવાડી યુનિવર્સિટી |
| 7 | ચરોતર યુનિવર્સિટી |

### Center of Excellence નું મહત્વ

- સેન્ટર ઓફ એક્સેલન્સ પંસદગી પામેલ યુનિવર્સિટીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ લાવવામાં અને તેમને આંતરરાષ્ટ્રીય ખ્યાતી આપવામાં મદદ કરશે.

નોંધ : (1) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC)એ ‘UGC એક્ટ, 1956’ દ્વારા સ્થાપિત એક વૈધાનિક સંસ્થા છે.

(2) તે શિક્ષણ મંત્રાલય હેઠળ ઉચ્ચ શિક્ષણના ધોરણોને સંકલન, નિર્ધારિત અને જાળવવાનું કાર્ય કરે છે. તે ભારતની યુનિવર્સિટીઓને માન્યતા આપે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ (NHRC)ના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી એન.વી. રમન્ના (B) શ્રી યુ.ડી. લલીત

(C) શ્રી અરૂણ કુમાર મિશ્રા (D) શ્રી અશોક ભૂષણ (C)

2. તાજેતરમાં આસામ રાઈફલ્સના ડાયરેક્ટર જનરલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી પ્રદીપ મિશ્રા (B) શ્રી પ્રદીપ ચંદ્રન નાયર

(C) શ્રી મનોજ ચંદ્રન નાયર (D) શ્રી અશોક મિશ્રા (B)

3. શ્રી પ્રદીપ ચંદ્રન નાયર આસામ રાઈફલ્સના કેટલામાં ડાયરેક્ટર ઓફ જનરલ બન્યા ?

(A) 14 મા (B) 15 મા (C) 21 મા (D) 22 મા (C)

4. આસામ રાઈફલ્સની સ્થાપના કયા વર્ષે કરવામાં આવી હતી ?

(A) 1835 (B) 1860 (C) 1868 (D) 1876 (A)

5. ગુજરાતની કેટલી યુનિવર્સિટીને 'Center of Excellence' નો દરજ્જો આપવામાં આવશે ?

(A) 5 (B) 6 (C) 7 (D) 8 (C)

6. ગુજરાત રાજ્યની સાત ખાનગી યુનિવર્સિટીઓને 'સેન્ટર ઓફ એક્સેલન્સ' (COE)નો દરજ્જો આપવામાં આવશે. જેમાં નીચેનામાંથી કઈ યુનિવર્સિટીનો સમાવેશ થતો નથી ?

(A) પંડિત દિનદયાળ યુનિવર્સિટી

(B) ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફોર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેક્નોલોજી

(C) CEPT યુનિવર્સિટી

(D) AMPCT યુનિવર્સિટી (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 3 જૂન, વિશ્વ સાઈકલ દિવસ

રોજીંદા જીવનમાં સાઈકલના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે સમગ્ર વિશ્વમાં 3 જૂનના રોજ 'વિશ્વ સાઈકલ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ અંતર્ગત 3 જૂન 2021ના રોજ ચોથા 'વિશ્વ સાઈકલ દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.
- વર્ષ 2018માં પ્રથમ 'વિશ્વ સાઈકલ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- આ માટે એપ્રિલ 2018માં સંયુક્ત રાષ્ટ્રની સામન્ય સભામાં આ દિવસની ઉજવણીને મંજૂરી આપવામાં આવી હતી.
- અમેરિકાની મોન્ટેગોમરી કોલેજના પ્રોફેસર શ્રી લેસ્ઝેક સિબિલ્સકી અને તેમના વર્ગના વિદ્યાર્થીઓની અરજીના કારણે આ દિવસની ઉજવણીને મંજૂરી આપવામાં આવી હતી.
- આ માટે તેમને તુર્કમેનિસ્તાન સહિત 56 દેશોનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

નોંધ : નેધરલેન્ડની રાજધાની એમસ્ટર્ડેમમાં આશરે 40 ટકા લોકો કામ પર જતી વખતે સાઈકલનો ઉપયોગ કરે છે. સમગ્ર વિશ્વમાં આ સંખ્યા સૌથી વધુ છે.

## SDG India Index 2020-21માં સમગ્ર દેશમાં કેરળ પ્રથમ

તાજેતરમાં નીતિ આયોગ દ્વારા SDG India Index 2020-21 અથવા તો SDG India Index 3.0 પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે.

- ભારતમાં નીતિ આયોગ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલો આ SDG એટલે કે 'Sustainable Development Goals India Index' છે.
- એક બહેતર વિશ્વના નિર્માણ માટે યુનાઈટેડ નેશન્સ દ્વારા વર્ષ 2015માં 17 લક્ષ્યાંકો (Goals) નિર્ધારિત કરવામાં આવ્યા હતા.
- યુનાઈટેડ નેશન્સ દ્વારા નક્કી કરવામાં આવેલા આ 17 લક્ષ્યાંકોને યુનાઈટેડ નેશન્સના સભ્ય દેશો દ્વારા વર્ષ 2030 સુધીમાં પૂરા કરવામાં આવશે.
- યુનાઈટેડ નેશન્સે વર્ષ 2030 સુધીમાં અચીવ કરવા માટે નક્કી કરાયેલા આ 17 લક્ષ્યાંકો 'Sustainable Development Goals' (સતત વિકાસ લક્ષ્યાંકો) તરીકે ઓળખાય છે.
- આ લક્ષ્યાંકો હાંસલ કરવા માટે ભારતના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ કરેલી પ્રગતિની સમીક્ષા માટે ભારતમાં નીતિ આયોગ દ્વારા વર્ષ 2018 થી SDG India Index પ્રસિધ્ધ કરવામાં આવે છે.
- SDG લક્ષ્યાંકોની પ્રાપ્તિ માટે થઈ રહેલી પ્રગતિના મૂલ્યાંકનની પેટારાષ્ટ્રીય વ્યવસ્થા કરનાર ભારત વિશ્વનો પ્રથમ દેશ છે.

### આ ઈન્ડેક્સમાં રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશનું મુલ્યાંકન

વર્ષ 2020-21ના આ ઈન્ડેક્સમાં SDGના 17માંથી 16 લક્ષ્યાંકો અંગે થયેલી પ્રગતિ આધારે ભારતના રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

- આ લક્ષ્યાંકો અંગે થયેલી કામગીરીને આધારે ભારતના દરેક રાજ્ય તથા કેન્દ્રશાસિત પ્રદેશોને 0 થી 100ની રેન્જમાં સ્કોર આપવામાં આવ્યા છે.
- જો કોઈ રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશ 100 સ્કોર મેળવે છે તો તે 2030ના રાષ્ટ્રીય લક્ષ્યાંકો હાંસલ થઈ ગયાનું સૂચવે છે. એટલે કે વધારે સ્કોર લક્ષ્યાંકથી વધુ નજીકની સ્થિતિ દર્શાવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સ્કોરના આધારે વર્ગીકરણ

આ ઈન્ડેક્સમાં સ્કોરના આધારે ભારતના રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોનું ચાર ભાગમાં વર્ગીકરણ કરવામાં આવ્યું છે :

| ક્રમ | કેટેગરી | સ્કોર |
|---|---|---|
| 1 | આકાંક્ષી | 0-49 |
| 2 | પર્ફોમર | 50-64 |
| 3 | ફ્રન્ટ રનર | 65-99 |
| 4 | એચિવર | 100 |


## આ ઈન્ડેક્સમાં ભારતના રાજ્યોનો રેન્ક

આ ઈન્ડેક્સમાં ભારતના રાજ્યોમાં 75ના સ્કોર સાથે કેરળ પ્રથમ ક્રમે છે.

- કેરળ બાદ તમિલનાડુ અને હિમાચલ પ્રદેશ સંયુક્ત રીતે 74ના સ્કોર સાથે આ ઈન્ડેક્સમાં બીજા ક્રમે છે.
- 69ના સ્કોર સાથે ગુજરાત આ ઈન્ડેક્સમાં છઠ્ઠા (6) ક્રમે છે.
- ભારતના રાજ્યોમાં 52ના સ્કોર સાથે બિહાર અંતિમ ક્રમે છે.

## SDG India Index, 2020-21માં ભારતના રાજ્યનો Rank

| રેન્ક | રાજ્ય | સ્કોર |
|---|---|---|
| 1 | કેરળ | 75 |
| 2 | હિમાચલપ્રદેશ | 74 |
| | તમિલનાડુ | 74 |
| 3 | આંધ્રપ્રદેશ | 72 |
| | ગોવા | 72 |
| | કર્ણાટક | 72 |
| | ઉત્તરાખંડ | 72 |
| 4 | સિક્કિમ | 71 |
| 5 | મહારાષ્ટ્ર | 70 |
| 6 | ગુજરાત | 69 |
| | તેલંગાણા | 69 |
| અંતિમ | બિહાર | 5 |




## આ ઈન્ડેક્સમાં ભારતના કેન્દ્રશાસિત પ્રદેશનો રેન્ક

આ ઈન્ડેક્સમાં ભારતના કેન્દ્ર શાસિત પ્રદેશોમાં 79ના સ્કોર સાથે ચંદીગઢ પ્રથમ ક્રમે છે.

- જ્યારે દાદરા નાગર હવેલી અને દમણ અને દીવ 62ના સ્કોર સાથે અંતીમ ક્રમે છે.

## SDG India Index- 2020-21 માં ભારતના કેન્દ્રશાસિત પ્રદેશોનો રેન્ક

| રેન્ક | કેન્દ્રશાસિત પ્રદેશ | સ્કોર |
|---|---|---|
| 1 | ચંદીગઢ | 79 |
| 2 | દિલ્હી | 68 |
| | પુડુચેરી | 68 |
| | લક્ષદ્વીપ | 68 |
| 3 | અંદમાન અને નિકોબાર ટાપુ | 67 |
| 4 | જમ્મુ અને કાશ્મીર | 66 |
| | લદાખ | 66 |
| 5 | દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ | 62 |

## ભાડુઆત અને મકાનમાલિકને સમાન અધિકાર આપતો કાયદો 'મોડેલ ટેનન્સી એક્ટ'ને મંજૂરી આપવામાં આવી

તાજેતરમાં કેન્દ્રીય મંત્રીમંડળે તમામ રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશમાં નવો કાયદો બનાવીને અથવા હાલના ભાડુઆત કાયદામાં સુધારો કરીને 'મોડેલ ટેનન્સી એક્ટ'ને મંજૂરી આપવામાં આવી છે.

- આ અધિનિયમ ભારતમાં ભાડાના મકાનો અંગેના કાનૂની માળખાને ફરીથી બનાવવામાં મદદ કરશે જે બદલામાં એકંદર વિકાસને વેગ આપશે.
- દેશમાં પ્રવર્તી રહેલી રહેણાંકોની અછત દૂર કરવા ભાડાના મકાનોમાં ખાનગી ભાગીદારીને યોગ્ય બિઝનેસ મોડલ આ કાયદા દ્વારા ઉપલબ્ધ થશે.
- આ અધિનિયમ રેન્ટલ હાઉસિંગનું સંસ્થાકરણ કરવામાં મદદ કરશે અને ભાડાના મકાનના બિઝનેસને વિધિવત માર્કેટ બનાવશે.

### મોડેલ ટેનન્સી એક્ટ 2019માં સૂચવાયેલા સુધારા

**(1)** વિવાદોનો ઝડપી નિકાલ : જો કોઈ વિવાદ થાય તો મકાન માલિક અને ભાડુઆતે સમાધાન માટે રેન્ટ ઓથોરિટીનો સંપર્ક કરવાનો રહેશે. જો રેન્ટ ઓથોરિટીના નિર્ણયથી કોઈપણ એક પક્ષ સંતોષ ન થાય તો તે રેન્ટ કોર્ટ રેન્ટ ટ્રિબ્યૂનલમાં આદેશના 30 દિવસમાં પડકાર આપી શકશે.

**(2)** સિક્યુરિટી ડિપોઝિટ અને ભાડામાં બદલાવ : મકાન માલિક બે મહિનાના ભાડાથી વધુ સિક્યુરિટી ડિપોઝિટ માગી શકશે નહીં. તેણે આ ડિપોઝિટ મકાન ખાલી કરે ભાડુઆતને ચૂકવવાની રહેશે.

**(3)** ભાડે આપેલી પ્રિમાઈસિસમાં મકાન માલિકનો પ્રવેશ : જો મકાન માલિક ભાડે આપેલી પ્રિમાઈસિસમાં પ્રવેશ કરવા ઈચ્છતા હોય તો ભાડુઆતને 24 કલાક પહેલા નોટિસ પાઠવવાની રહેશે. મકાન માલિક સવારના 7 થી રાતના 8 સુધી જ પ્રિમાઈસિસની મુલાકાત લઈ શકશે.

(4) <u>પેટા ભાડુઆત</u> : ભાડુઆત ભાડે રાખેલ મકાન કે તેનો હિસ્સો મકાન માલિકની પરવાનગી વિના પેટા ભાડુઆતને આપી શકે નહીં.

(5) <u>મકાન ખાલી કરાવવું</u> : જો ભાડુઆત સતત બે મહિના સુધી ભાડુ ન ચૂકવે તો મકાન માલિક રેન્ટ કોર્ટમાં જઈ શકે છે.

## મોડેલ ટેનન્સી એક્ટ એટલે શું ?

<u>મોડેલ ટેનન્સી એક્ટ, 2019</u>એ ભારતમાં <u>ભાડુતી</u> અથવા <u>ભાડુઆત</u>નો કાયદો છે.

- આ કાયદાની રચનાની જાહેરાત સૌપ્રથમ નાણા મંત્રી સુશ્રી નિર્મલા સિતારામને તેમના 2019ના બજેટ ભાષણમાં કરી હતી.
- આ અધિનિયમ વર્ષ 2022 સુધીમાં ‘<u>બધા માટે આવાસો</u>’નું લક્ષ્ય પ્રાપ્ત કરવામાં મદદ કરશે.



1. સમગ્ર વિશ્વમાં 'વિશ્વ સાઈકલ દિવસ' કયા દિવસે ઉજવાય છે ?

(A) 1 જૂન (B) 2 જૂન (C) 3 જૂન (D) 4 જૂન **(C)**

2. સૌપ્રથમ કયા વર્ષે 'વિશ્વ સાઈકલ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી ?

(A) 2014 (B) 2015 (C) 2017 (D) 2018 **(D)**

3. ભારતમાં કોના દ્વારા 'SDG India Index' પ્રસિધ્ધ કરવામાં આવે છે ?

(A) નાણાં મંત્રાલય (B) પર્યટન મંત્રાલય (C) સંચાર મંત્રાલય (D) નીતિ આયોગ **(D)**

4. ભારતમાં નીતિ આયોગ દ્વારા પ્રસિધ્ધ થયેલા 'SDG India Index, 2020-21'માં ભારતના રાજ્યોમાં પ્રથમ ક્રમે કયું રાજ્ય છે ?

(A) કર્ણાટક (B) કેરળ (C) હિમાચલ પ્રદેશ (D) આંધ્રપ્રદેશ **(B)**

5. નીતિ આયોગ દ્વારા પ્રસિધ્ધ થયેલા 'SDG India Index 2020-21'માં ગુજરાતનો સમાવેશ કઈ કેટેગરીમાં થયો છે ?

(A) આકાંક્ષી (B) પર્ફોમર (C) ફ્રન્ટ રનર (D) એચિવર **(C)**

6. 'SDG India Index, 2020-21'માં ભારતના કેન્દ્રશાસિત પ્રદેશોમાં પ્રથમ ક્રમે કયો કેન્દ્રશાસિત પ્રદેશ છે ?

(A) દિલ્હી (B) લક્ષદ્રીપ (C) પુડુચેરી (D) ચંદીગઢ **(D)**

7. 'મોડેલ ટેનન્સી એક્ટ' શેના લગતો છે ?

(A) ભાડુઆત અને મકાન માલિકને સમાન અધિકાર આપતો કાયદો

(B) શિક્ષણ અને રોજગાર સંબંધિત કાયદો

(C) કૃષિ સંબંધિત કાયદો

(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 4 જૂન, આક્રમણનો ભોગ બનેલા નિર્દોષ બાળકોનો આંતરરાષ્ટીય દિવસ

## નાસિકમાં બૌધ્ધ ગુફા પરિસરમાં ત્રણ ગુફા મળી આવી

ભારતીય પુરાતત્વીય સર્વેક્ષણ (Archaeological Survey of India-ASI)એ મહારાષ્ટ્રના નાસિકમાં બૌધ્ધ ગુફા પરિસરમાં ત્રણ ગુફા શોધી કાઢી છે.

- પુરાતત્વવિદોના જણાવ્યા અનુસાર આ ગુફા 'ત્રિ–રશ્મિ બૌધ્ધ ગેફાઓ' કરતા જૂની હોઈ શકે છે.
- લગભગ બે સદીઓ પહેલા એક બ્રિટિશ સૈનય અધિકારીએ 'ત્રિ–રશ્મિ' બૌધ્ધ ગુફાઓ શોધી કાઢી હતી.
- આ ત્રિ–રશ્મિ ગુફાઓને 'પંડાવલીની' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ ત્રિ–રશ્મિ ગુફાઓ 25 ગુફાઓનું જૂથ છે. આ ગુફાઓમાં વિહાર અને ચૈત્ય મુખ્ય ગુફા છે.
- વર્તમાનમાં આ ગુફાઓ ભારતીય પુરાતત્વીય સર્વેક્ષણની સુરક્ષીત સાઈટ અને પ્રખ્યાત પર્યટક સ્થળ છે.
- નવી શોધાયેલી ગુફાઓ વર્તમાન ગુફાઓની વિરૂધ્ધ દિશામાં છે.
- તે વર્તમાન પરિસરની લગભગ 70-80 ફૂટ ઉપર છે.
- આ ગુફાઓ બૌધ્ધ સાધુઓના રહેઠાણ હોવાનું માનવામાં આવે છે.

## નાણાકીય નીતિ (Monetary Policy) બેઠકમાં RBIએ દરો યથાવત રાખ્યા

ભારતીય રિઝર્વ બેંકની ત્રણ દિવસીય RBIની મોનેટરી પોલિસીની બેઠકમાં 4 જૂન, 2021ના રોજ RBIના ગવર્નર શ્રી શક્તિકાંત દાસએ જાહેરાત કરી હતી કે વ્યાજદરમાં કોઈ ઘટાડો કરવામાં આવ્યો નથી એટલે કે મુખ્ય વ્યાજદરો યથાવત રાખ્યા છે.

- RBIના જણાવ્યા અનુસાર રેપો રેટ 4.25% પર યથાવત રાખવામાં આવ્યો છે.
- રિવર્સ રેપો રેટ 3.35%  પર યથાવત રાખવામાં આવ્યો છે.
- નાણાકીય વર્ષ 2022 માટે GDP ગ્રોથ 9.5% થવાનો અંદાજ છે.
- નોંધનીય છે કે ભારતીય રિઝર્વ બેંકની નાણાકીય નીતિ સમિતિ (Monetary Policy) દર બે મહિને મળે છે.

નોંધ : (1) RBI અન્ય બેન્કોને જે દરે લોન આપે છે. તે દરને Repo Rate કહે છે.

(2) RBI અન્ય બેન્કો પાસેથી જે દરે નાણાં લે છે તે દર Reverse Reporate તરીકે ઓળખાય છે.

## એન્ક્રિપ્ટેડ ડેટાને પ્રાપ્ત કરવા માટે 'ચિપ-ઓફ-તકનીક' વિકસાવવામાં આવી

સેન્ટ્રલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (CFSL)ના ફોરેન્સિક વૈજ્ઞાનિકોએ સ્વદેશી 'ચિપ–ઓફ–તકનીક' (Chip-off-Technique) વિકસાવી છે.

- આ તકનીક તપાસ એજન્સીઓને ટ્રાયલ કોર્ટમાં ગુનેગારો સામે વિશ્વસનીય પુરાવા પેશ કરવામાં મદદ કરશે.
- આ તકનીક લોક કરેલા અને ગંભીર રીતે નુકસાન થયેલા સ્માર્ટ ફોનમાંથી એન્ક્રિપ્ટેડ ડેટાને પુનઃ પ્રાપ્ત કરવામાં મદદ કરશે.

- શ્રી અખિલેશ કુમાર, શ્રી ભૂષણ ઘોડે અને શ્રી ખેવના મણિયાર નામના વૈજ્ઞાનિકો દ્વારા તેનો વિકાસ કરવામાં આવ્યો છે.
- આ તકનીકનો ઉપયોગ કરીને વૈજ્ઞાનિકો બંધ અથવા ફિંગર લોક અથવા લોક કરેલા સ્માર્ટ ફોનમાંથી ડેટા મેળવવામાં સફળ રહ્યા હતા.
- આ ચિપ–ઓફ–તકનીક છ ભાગોમાં વહેંચાયેલી છે.
- આ તકનીક આઈફોન સહિતના iOS સંસ્કરણોના મોબાઈલ ઉપકરણ પર સફળ નથી.

## બ્લુ-ફિનેડ મહાસીરને IUCN રેડ લિસ્ટમાંથી દૂર કરાઈ

ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર દ્વારા તાજેતરમાં 'બ્લુ ફિનેડ મહીસર'ને તેમની રેડ લિસ્ટમાંથી દૂર કરી 'ઓછા માં ઓછી ચિંતા' (Least Concern)ની શ્રેણીમાં સમાવેશ કરવામાં આવ્યો.

- મહાસીર અથવા મહીસર માછલીઓ ઉત્તરમાં વિયેતનામ અને દક્ષિણમાં ચીન, કંબોડિયા, થાઈલેન્ડ, ઈન્ડોનેશિયા, મલેશિયા, દક્ષિણ એશિયા અને ભારતીય દ્વીપકલ્પમાં જોવા મળે છે.
- આ માછલીઓ વ્યાવસાયિક રૂપે મહત્વપૂર્ણ છે.
- મહારાષ્ટ્રના પૂના નજીક લોનવાલામાં ટાટા પાવર (ખાનગી કંપની) 50 વર્ષથી બ્લૂ–ફિનેડ મહાસીરના સંરક્ષણમાં મહત્વનો ફાળો આપી રહી છે.
- આ માછલીઓ નદી અને તળાવમાં પણ રહી શકે છે. તથા તેઓ જંતુઓ, દેડકા, અન્ય માછલીઓ, વૃક્ષ પરથી પડેલા પાંદડા વગેરેનો ખોરાક તરીકે ઉપયોગ કરે છે.
- આ માછલીઓની મોટી પ્રજાતિઓ ગંભીર અધોગતિનો સામનો કરી રહી છે. અને તેનું જીવન અથવા રહેઠાણ પ્રદૂષિત વિસ્તારમાં યોગ્ય નથી.


### IUCNની રેડ બુક :

પારિસ્થિતિકી સંકટોના અધ્યયન કરવા તથા તેના પર ભલામણો આપવા માટે 1948માં IUCN (ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર એન્ડ નેચરલ રિસોર્સિઝ)નું ગઠન કરવામાં આવ્યું તેનું મુખ્યાલય સ્વિત્ઝર્લેન્ડમાં આવેલ છે.

- IUCNનું સહાયક સંગઠન "વિશ્વ વન્યજીવ કોષ" (WWF = વર્લ્ડ વાઈલ્ડ લાઈફ ફંડ) છે.
- 1969થી IUCN : વિલુપ્ત પ્રાય, સંકટગ્રસ્ત, દુર્લભ જીવ તથા વનસ્પતિથી સંબંધિત રેડ બુક જાહેર કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### IUCN વર્ગીકરણ



1. 'આક્રમણનો ભોગ બનેલા નિર્દોષ બાળકોનો આંતરરાષ્ટ્રીય દિવસ'ની કયા દિવસે ઉજવણી કરવામાં આવે છે ?

(A) 4 જૂન (B) 5 જૂન (C) 6 જૂન (D) 7 જૂન (A)

2. ભારતીય પુરાતત્વીય સર્વેક્ષણે તાજેતરમાં કયા સ્થળે ત્રણ નવી બૌધ્ધ ગુફાઓ શોધી કાઢી છે ?

(A) પૂના (B) ઈન્દોર (C) નાસિક (D) ભોપાલ (C)

3. 'ત્રિ–રશ્મિ ગુફાઓ' જેને પંડાવલીની ગુફા તરીકે પણ ઓળખવામાં આવે છે. તે મહારાષ્ટ્રના કયા સ્થળે સ્થિત છે ?

(A) પૂના (B) નાસિક (C) નાગપુર (D) થાણે (B)

4. જૂન 2021માં મળેલી RBIની નાણાકીય નીતિ બેઠકમાં લેવાયેલ નિર્ણય અનુસાર રેપો રેટ_______ અને રિવર્સ રેપોરેટ_______ પર યથાવત રાખવામાં આવ્યો છે.

(A) 4.25%, 3.35% (B) 3.35%, 2.35%

(C) 4.35%, 4.02% (D) 3.02%, 5.01% (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

5. એન્ક્રિપ્ટેડ ડેટાને પ્રાપ્ત કરવા માટે 'ચિપ–ઓફ–તકનીક'_______ દ્વારા વિકસાવવામાં આવી છે.

(A) CFSLના વૈજ્ઞાનિકો દ્વારા (B) DRDOના વૈજ્ઞાનિકો દ્વારા

(C) ISROના વૈજ્ઞાનિકો દ્વારા (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં (A)

6. તાજેતરમાં કઈ માછલીને IUCNની રેડ લિસ્ટમાંથી દૂર કરવામાં આવી છે ?

(A) ગોલ્ડ ફિશ (B) ગુપ્પી

(C) બ્લૂ–ફિનેડ મહાસીર (D) નિલ–તિલાપિઆ (C)

## દિવસ મહિમા : 5 જૂન, 'વિશ્વ પર્યાવરણ દિન' (World Environment Day)

પર્યાવરણના સંરક્ષણ અને સુરક્ષા માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 5 જૂનના રોજ 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- વિશ્વ પર્યાવરણ દિવસને (1) **ECO Day** અથવા તો (2) **WED** તરીકે પણ ઓળખવામાં આવે છે.
- જેમાં WEDનું પૂરું નામ **'World Environment Day'** છે.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા સૌપ્રથમ વર્ષ 1972માં સ્ટોકહોમ કોન્ફરન્સમાં 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.
- આ અંતર્ગત 5 જૂન, 1974ના રોજ પ્રથમ 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- 1974માં યોજાયેલા પ્રથમ 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની થીમ **'Only One Earth'** (એટલે કે 'ફક્ત એક જ પૃથ્વી') હતી.

### વર્ષ 2021નો યજમાન દેશ

વર્ષ 1987 થી 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણી જુદા–જુદા દેશોના યજમાન પદ હેઠળ કરવામાં આવે છે.

- આ અંતર્ગત 2021ના 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણીનો યજમાન દેશ પાકિસ્તાન છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણીના યજમાન દેશ

| ક્રમ | વર્ષ | યજમાન દેશ |
|---|---|---|
| 1 | 2021 | પાકિસ્તાન |
| 2 | 2020 | કોલમ્બિયા (તથા જર્મની) |
| 3 | 2019 | ચીન |
| 4 | 2018 | ભારત |
| 5 | 2017 | કેનેડા |




### વર્ષ 2021ની થીમ

- વર્ષ 2021ની 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની થીમ **'Ecosystem Restoration'** છે.

## વર્લ્ડ એમ્પ્લોયમેન્ટ એન્ડ સોશિયલ આઉટલુક ટ્રેન્ડ્સ રિપોર્ટ- 2021

તાજેતરમાં આંતરરાષ્ટ્રીય લેબર ઓર્ગેનાઈઝેશન (ILO)એ 'વર્લ્ડ એમ્પ્લોયમેન્ટ એન્ડ સોશિયલ આઉટલુક રિપોર્ટ– 2021' બહાર પાડ્યો છે.

- કોરોના મહામારીના કારણે 100 મિલિયનથી વધુ કામદારોને વિશ્વભરમાં ગરીબીના એક વર્તુળમાં ધકેલી દીધા છે.
- આ રિપોર્ટ અનુસાર મહામારીના કારણે વર્ષના અંત સુધીમાં 75 મિલિયન નોકરીઓને નુકસાન થવાની સંભાવના છે.

## વધતી અસમાનતા

- મહામારીએ શ્રમ બજારમાં અસમાનતામાં વધારો કર્યો છે, જેમાં ઓછા કુશળ કામદારો, મહિલાઓ, યુવાનો અથવા સ્થળાંતર કરનારાઓ સૌથી વધુ અસરગ્રસ્ત છે.

## કાર્ય-સમયનું નુકસાન

ઘણા લોકોના કામકાજના કલાકોમાં નાટકીય રીતે કાપ મૂકવામાં આવ્યો છે.

- વર્ષ 2019ના ચોથા ક્વાર્ટરની તુલનામાં 2020માં વૈશ્વિક કાર્યકારી કલાકોમાં 8.8 ટકાનો ઘટાડો થયો છે.
- જોકે પરિસ્થિતિમાં સુધારો થયો છે, વૈશ્વિક કાર્યકાળના કલાકો વધવામાં લાંબો સમય લાગશે અને આ વર્ષના અંત સુધીમાં વિશ્વને 100 મિલિયન ફુલ–ટાઈમ નોકરીઓ ગુમાવવાની ધારણા છે.

## બેરોજગારી દર

- વર્ષ 2020-21માં બેરોજગારીનો દર 6.3 ટકા છે. જે આવતા વર્ષે (2021-22) સુધીમાં ઘટીને 5.7 ટકા થઈ જશે.

## મહિલા બેરોજગારી

મહિલાઓને અવેતન કાર્યના કલાકોમાં વધારો થયો છે અને તેમને અપ્રમાણસર રોજગારીના નુકસાનનો સામનો કરવો પડે છે.

- મહિલાઓની રોજગારીમાં પૂરુષો માટે 3.9 ટકાની તુલનામાં 5 ટકાનો ઘટાડો થયો છે.

નોંધ : (1) આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠનની રચના વર્ષ 1919માં વર્સેલ્સની સંધિના ભાગરૂપે કરવામાં આવી હતી.

(2) તેનું મુખ્ય મથક સ્વિત્ઝર્લેન્ડના જિનીવા ખાતે આવેલું છે.

(3) ભારત આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠન (ILO)નો સ્થાપક સભ્ય છે અને તેમાં કુલ 187 સભ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# વર્ષ 2025 સુધીમાં ભારત 20% ઈથેનોલ મિશ્રિત લક્ષ્ય પ્રાપ્ત કરશે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'વિશ્વ પર્યાવરણ દિવસ' નિમિતે પોતાનું નિવેદન આપ્યું હતું.

- આ પ્રસંગે તેમણે '**Report of The Expert Committe on Road Map for Ethanol Blending in India 2020-2025**' અહેવાલ પણ બહાર પાડ્યો હતો.
- આ અહેવાલ મુજબ ભારત પેટ્રોલમાં 20% ઈથોનોલ મિશ્રણનું લક્ષ્ય વર્ષ 2025 સુધીમાં પ્રાપ્ત કરશે.
- નોંધનીય છે કે આ અગાઉ વર્ષ 2030 સુધીમાં 20 ટકા મિશ્રણનું લક્ષ્ય નક્કી કરાયું હતું.
- અત્યાર સુધી ભારતમાં પેટ્રોલ સાથેનું શ્રેષ્ઠ ઈથોનોલ મિશ્રણ 2 ટકા હતું.
- કર્ણાટક, ગુજરાત, ગોવા, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ, પંજાબ, હરિયાણા, દિલ્હી, દમણ અને દીવ, હિમાચલ પ્રદેશમાં 5 ટકાથી 10 ટકા ઈથેનોલ મિશ્રણ થઈ રહ્યું છે.

## ઈથેનોલ મિશ્રીત કાર્યક્રમ

ઈથેનોલ મિશ્રીત કાર્યક્રમ વર્ષ 2003માં શરૂ કરવામાં આવ્યો હતો.

- ઓ.એમ.સી ને આ કાર્યક્રમ હેઠળ નીચેના અગ્રતા ક્રમમાં ઈથેનોલ ખરીદવાની સલાહ આપવામાં આવે છે : (1) શેરડી, (2) બી–મોલાસીસ, (3) સી–મોલાસીસ, (4) ક્ષતિગ્રસ્ત અનાજ

## ઈથેનોલ

ઈથેનોલ મકાઈ, શેરડી, ઘઉં વગેરેમાંથી ઉત્પન્ન થઈ શકે છે.

- ભારતમાં ઈથેનોલ મુખ્યત્વે આથવણની પ્રક્રિયા દ્વારા ઉત્પન્ન થાય છે.
- ઈથેનોલમાં ઓક્સિજન હોય છે, તે બળતણના સરળ અને સંપૂર્ણ દહન માટે ઉપયોગી છે.
- ઈથેનોલને નવીનીકરણીય બળતણ તરીકે માનવામાં આવે છે, કારણ કે ઈથેનોલ એવા છોડમાંથી ઉત્પન્ન થાય છે કે જે સૂર્યની શક્તિનો ઉપયોગ કરે છે.
- ઈથેનોલ એકવાર મિશ્રિત થઈ જાય તો તેને પેટ્રોલથી અલગ કરી શકાતું નથી.
- અલગ–અલગ મિશ્રણ બનાવવા માટે ઈથેનોલને ગેસોલીન સાથે મિશ્ર કરી શકાય છે.

## SATURDAY Questions

1. 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણી કયા દિવસે કરવામાં આવે છે ?

(A) 4 જૂન (B) 5 જૂન (C) 6 જૂન (D) 7 જૂન — (B)

2. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા સૌપ્રથમ કયા વર્ષે સ્ટોકહોમ કોન્ફરન્સમાં 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી ?

(A) 1972 (B) 1973 (C) 1974 (D) 1975 — (A)

3. વર્ષ 2021ના 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની થીમ શું હતું ?

(A) Only One Earth (B) One Earth One Family
(C) Give Earth a Chance (D) Ecosystem Restoration — (D)

4. વર્ષ 2021ના 'વિશ્વ પર્યાવરણ દિવસ'નો યજમાન દેશ કયો છે ?

(A) જર્મની (B) પાકિસ્તાન (C) શ્રીલંકા (D) જાપાન — (B)

5. 'વર્લ્ડ એમ્પ્લોયમેન્ટ એન્ડ સોશિયલ આઉટલુક ટ્રેન્ડ્સ રિપોર્ટ-2021' કઈ સંસ્થા દ્વારા બહાર પાડવામાં આવ્યો છે ?

(A) ILO (B) UNICEF (C) UNFCCC (D) ALO — (A)

6. કયા વર્ષ સુધીમાં ભારત 20 ટકા ઈથેનોલ મિશ્રીત લક્ષ્ય પ્રાપ્ત કરશે ?

(A) 2025 (B) 2035 (C) 2040 (D) 2045 — (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ONE LINER

## ગુજરાત

➤ **ગુજરાતમાં 3 લાખ લોકોને નિઃશુલ્ક વેક્સિન અપાશે**

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કોરોનાને ઝડપથી નિયંત્રણમાં લાવવાના ઉદ્દેશ્યથી અને વધુ લોકોને કોરોનાથી રક્ષણ આપવા માટે 4 જૂનથી 18 થી 44 વર્ષના લોકોને વેક્સિનેશન વિનામૂલ્યે આપવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. આ ઉપરાંત શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું હતું કે દરરોજ 3 લાખ જેટલા લોકોને વિનામૂલ્યે રસી આપવામાં આવશે. આ માટે દરરોજ 1200 કેન્દ્રો પરથી વેક્સિન આપવામાં આવશે. 18 થી 44 વર્ષ વયજૂથને અત્યાર સુધી 10 શહેરોમાં જ રસી અપાતી હતી. જે હવેથી રાજ્યભરમાં રસીકરણ શરૂ થશે.

➤ **'સ્ટેટ એક્શન પ્લાન ઓન ક્લાયમેટ ચેન્જ' લોન્ચ કરનારું ગુજરાત દેશનું અગ્રીમ રાજ્ય બન્યું**

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ગુજરાતની આગવી પહેલ રૂપ 'સ્ટેટ એક્શન પ્લાન ઓન ક્લાયમેન્ટ ચેન્જ' લોન્ચ કરીને ગુજરાતને આ ક્ષેત્રે અગ્રીમ રાજ્યનું ગૌરવ અપાવ્યું છે. મુખ્યમંત્રી એ રાજ્યના ક્લાયમેન્ટ ચેન્જ વિભાગ દ્વારા IIM અમદાવાદ અને IIT ગાંધીનગરના તજજ્ઞોના સહયોગથી તૈયાર કરવામાં આવેલા સ્ટેટ એક્શન પ્લાન ઓન ક્લાયમેન્ટ ચેન્જ અને કોવિડ-19ની રાજ્યના વિવિધ ક્ષેત્રો પર પડેલી અસરો અંગેના અહેવાલનું વિમોચન ગાંધીનગરમાં સંપન્ન કર્યું હતું. આ અંતર્ગત વર્ષ 2030 સુધીમાં રાજ્યમાં ક્લાયમેન્ટ ચેન્જ અનુકુલન શમનના આયોજન અને પગલાઓનો સમન્વય કરવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારત

➤ **કોવિડ-19 મહામારી અંગે કેન્દ્ર સરકારે ચાર નવા હેલ્પલાઈન નંબર શરૂ કર્યા**

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલયે કોવિડ-19ની બીજી લહેર વચ્ચે લોકોને મદદ કરવા માટે ચાર નવા હેલ્પલાઈન નંબર શરૂ કર્યા છે. આ અંતર્ગત 1075 એ આરોગ્ય અને પરિવાર મંત્રાલયનો રાષ્ટ્રીય હેલ્પલાઈન નંબર છે, 1098 એ મહિલા અને બાળવિકાસ મંત્રાલયનો ચાઈલ્ડ હેલ્પલાઈન નંબર છે. 14566 સામાજિક ન્યાય અને અધિકારીકતા મંત્રાલયનો સિનિયર સિટિઝન હેલ્પલાઈન નંબર છે. આ નંબર દિલ્હી, મધ્યપ્રદેશ, તમિલનાડુ, રાજસ્થાન, તેલંગાણા, ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડ રાજ્યમાં કામ કરશે. 08046110007 એ માનસિક અને સ્વાસ્થ સંસ્થાનો હેલ્પલાઈન નંબર છે જે માનસિક સહાય પૂરી પાડશે.

➤ **એસ્પરગિલોસિસ ફંગલ સંક્રમણ**

કોવિડ-19ની મહામારી સામે દેશની લડત અને મ્યૂકરમાઈકોસિસના વધતા જતા કેસો વચ્ચે ગાઝિયાબાદ, મુંબઈ અને ગુજરાતના તબીબોએ એસ્પરગિલોસિસ (Aspergillosis) નામના નવા રોગના કેસ નોંધાવ્યા છે. એસ્પરગિલોસિસ એ ફંગલ ઈન્ફેક્શન, ફંગલની વૃદ્ધી અથવા એસ્પરગિલોસિસ ફુગના કારણે એલર્જિક પ્રતિક્રિયા છે. આ ફૂગના ચેપ બ્લેક ફંગસ જેટલા જીવલેણ નથી. આ રોગનો ચેપ નબળી રોગપ્રતિકારક શક્તિવાળા લોકોને વધુ થાય છે. આ રોગના લક્ષણોમાં વજન ઓછો થવો, ઉધરસ આવવી, ઉધરસમાં લોહી નિકળવું, શ્વાસ લેવામાં તકલીફ પડવી, થાક લાગવો વગેરેનો સમાવેશ થાય છે.

➤ **ગોવા સરકારે 'Goa Institution for Future Transformation (GIFT)'ની સ્થાપના કરી**

ગોવા સરકારે નીતિ આયોગની તર્જ પર 'ગોવા ઈન્સ્ટિટ્યુશન ફોર ટ્રાન્સફોર્મેશન (GIFT)' ની સ્થાપના કરી છે. GIFT નીતિ આયોગની તર્જ પર કામ કરશે તથા સરકારને નીતિ નિર્માણ અને તેમના અમલિકરણ અંગે સરકારને મદદ, સલાહ અને માર્ગદર્શન આપશે. તે ટકાઉ વિકાસ લક્ષ્યોને દેખરેખ કરવામાં અને અનેક વિકાસ યોજના, કાર્યક્રમો અને યોજનાઓના મુલ્યાંકન કરવામાં પણ મદદ કરશે. આ ઉપરાંત સ્વાયત્તતા પ્રાપ્ત કરવા માટે ભારતના બંધારણની કલમ 309 હેઠળ સમર્થન કરવામાં આવશે. GIFT ગોવાના જ્ઞાન કેન્દ્ર તરીકે પણ કાર્ય કરશે. કેન્દ્રીય કેબિનેટે GIFT સ્થાપવાની દરખાસ્તને મંજૂરી આપી દીધી છે.

➤ **OECD ભારતના વિકાસ દરનું અનુમાન ઘટાડીને 9.9% કર્યું**

આર્થિક સહકાર અને વિકાસ સંગઠન (OECD) એ નાણાકીય વર્ષ 2022 માટે ભારતના વિકાસદરનું અનુમાન ઘટાડીને 9.9 % કર્યું છે. આ અગાઉ તેમણે 12.6% ના વિકાસ દરનું અનુમાન કર્યું હતું. તાજેતરમાં લાદેલા લોકડાઉનને ધ્યાનમાં રાખીને વિકાસદરમાં ઘટાડો કરવામાં આવ્યો છે. OECDના જણાવ્યા અનુસાર GDP નો વિકાસ દર 2021-22માં 10% અને 2022-23માં 8%ની આસપાસ રહેશે. ગ્રાહકોની વધતી માંગ, નાણાકીય સ્થિતિમાં સરળતા અને બાહ્ય બજારની મજબૂત વૃદ્ધિ સાથે અર્થતંત્રમાં પુનઃપ્રાપ્તિ ઝડપથી આગળ વધી રહી છે.

➤ **CSIR એ પાણીને જંતુમુક્ત બનાવવા માટે 'SWASTIIK' તકનીક વિકસાવી છે.**

CSIR - National Chemical Laboratory, પૂણેએ કુદરતી તેલનો ઉપયોગ કરીને પાણીના જીવાણુ નાશ કરવા માટે 'SWASTIIK' નામની નવી તકનીક શરૂ કરવામાં આવી છે. ભારતમાં જળજન્ય રોગોનો વધારો થયો છે. આ તકનીકી રાષ્ટ્રીય જળ જીવન મિશનની પૃષ્ટિભૂમિમાં વિકસિત કરવામાં આવી હતી. રાષ્ટ્રીય જળ જીવન મિશને તાજેતરમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પાણીની ગુણવત્તા અને પીવાના યોગ્ય પાણીની દેખરેખ અને સર્વેક્ષણ માટે સશક્ત બનાવ્યું હતું.

➤ **બગાયત ક્લસ્ટર વિકાસ કાર્યક્રમ**

બગાયતી ઉત્પાદનોની નિકાસને પ્રોત્સાહન કરવા કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે બગાયતી ક્લસ્ટર વિકાસ કાર્યક્રમ (CDP) શરૂ કર્યો છે. આ એક કેન્દ્રીય પ્રાયોજિત કાર્યક્રમ છે. તેનું અમલિકરણ કૃષિ અને ખેડૂત મંત્રાલયનું રાષ્ટ્રીય બગાયતી બોર્ડ દ્વારા કરવામાં આવશે. આ પાયલોટ પ્રોજેક્ટ કાર્યક્રમ માટે પસંદ કરાયેલા 53 બગાયતી ક્લસ્ટરમાંથી 12નું અમલીકરણ કરવામાં આવશે. ભારત વિશ્વમાં બગાયતી પાકનો બીજો સૌથી મોટો ઉત્પાદક દેશ છે, જે વિશ્વના ફળો અને શાકભાજીના ઉત્પાદનમાં લગભગ 12% હિસ્સો ધરાવે છે.

➤ **આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીશ્રીએ વાય.એસ.આર જગન્ના કોલોની પ્રોજેક્ટ શરૂ કર્યો**

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીશ્રી વાય.એસ.જગનમોહન રેડ્ડીએ તાજેતરમાં વાય.એસ.આર. જગન્ના કોલોની પ્રોજેક્ટ શરૂ કર્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યમાં 15.6 લાખ મકાનો બનાવવામાં આવશે. જેના માટે 28,084 કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે. નોંધનીય છે કે આ પ્રોજેક્ટ વર્ષ 2023 સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે. આ અગાઉ રાજ્ય સરકારે 30.76 લાખ લાભાર્થીઓને મકાનો માટે જમીનનું વિતરણ કર્યુ હતું. આ પ્રોજેકટના પ્રથમ તબક્કામાં રૂ. 28084 કરોડના ખર્ચે કુલ 15,60,277 મકાનો બનાવવામાં આવશે. પ્રથમ તબક્કામાં 15.70 લાખ મકાનો અને બીજા તબક્કામાં 12.70 લાખ મકાનો બનાવવામાં આવશે. પ્રથમ તબક્કો વર્ષ 2022 અને બીજો તબક્કો વર્ષ 2023 સુધીમાં પૂર્ણ થશે.

## વિશ્વ

➤ **ચીન ત્રણ અવકાશયાત્રીઓને અંતરીક્ષ સ્ટેશન પર મોકલશે**

ચીનના આવકાશ અધિકારીના જણાવ્યા અનુસાર ચીન જૂન 2021માં અંતરિક્ષ સ્ટેશન પર ત્રણ મહિના માટે ત્રણ અવકાશયાત્રીઓને મોકલવામાં આવશે. નોંધનીય છે કે ચીન દ્વારા શરૂ કરાયેલ 'તિયાન્હે' ત્રીજૂ સૌથી મોટું અંતરિક્ષ સ્ટેશન છે. આ અંતરિક્ષ સ્ટેશનનું મુખ્ય મોડ્યુલ 29 એપ્રિલ, 2021ના રોજ શરૂ થયું હતું. આ અવકાશયાત્રીઓને ચીનના જીક્યુવન બેઝથી 'શેનઝાઉ-12' અવકાશયાન દ્વારા મોકલવામાં આવશે.

➤ **સુશ્રી નાઓમી ઓસાકાએ ફ્રેન્ચ ઓપનમાંથી બહાર નિકળવાનો નિર્ણય કર્યો**

વિશ્વની સ્ટાર ટેનિસ ખેલાડી સુશ્રી નાઓમી ઓસાકાએ ફ્રેન્ચ ઓપનમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું છે. આ ટુર્નામેન્ટમાં રોમાનિયાની પેટ્રિકા મારિયાને હરાવીને બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. આ મેચ જીત્યા બાદ તેમણે મીડિયા સાથે વાતચીત કરી નહોતી. આથી આયોજકોએ 11 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. અને ચેતવણી પણ આપવામાં આવી હતી કે ફરીથી મીડિયા સાથે વાત કરવાનો ઈનકાર કરશે તો તેને ટુર્નામેન્ટમાંથી બહાર કરવામાં આવશે. સુશ્રી નાઓમી ઓસાકા જાપાનના પ્રસિધ્ધ મહિલા ટેનિસ ખેલાડી છે.

➤ **અમેરિકાએ પ્રવાસી સુરક્ષા પ્રોટોકલ સમાપ્ત કર્યો**

અમેરિકાએ પ્રવાસી સુરક્ષા પ્રોટોકલ (Migrant Protection Protocols)ની સમાપ્તી કરી છે. જેને 'Remain in Mexico' (મેક્સિકોમાં રહો) નીતિ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ નીતિથી ઘણા મધ્ય અમેરિકન શરણાર્થીઓને યુ.એસ. કોર્ટના કેસો માટે મેક્સિકોમા રાહ જોવાની ફરજ પડી હતી. શ્રી જો બાઈડનના વહીવટી તંત્રએ આ પ્રોટોકલની સમાપ્તી કરી જાન્યુઆરી 2021 થી લગભગ 11,000 સ્થળાંતરોને અમેરિકામાં પ્રવેશ આપવામાં આવ્યો છે. મેક્સિકો અને અમેરિકાને અલગ પાડતી આંતરરાષ્ટ્રીય સરહદ પશ્ચિમમાં પેસિફિક મહાસાગરથી પૂર્વમાં મેક્સિકોના અખાત સુધી ફેલાયેલી છે.

➤ **અમેરિકાનો ઈગલ એક્ટ શું છે ?**

અમેરિકાના પ્રતિનિધિ ગૃહ (House of Representatives)એ રોજગાર આધારિત ગ્રીનકાર્ડ પર પ્રતિ દેશની સિમા સમાપ્ત કરવાના કાયદાની ફરીથી રજૂઆત કરી છે. આ કાયદાને 'ઈગલ એક્ટ' તરીકે ઓળખવામાં આવે છે. ઈગલ એક્ટનું પૂરું નામ 'Equal Access to Green Cards for Legal Employment Act' છે. જે રોજગાર આધારિત અપ્રવાસી વિઝા પર દેશ દીઠ 7%ની સીમા સમાપ્ત કરવાનો પ્રસ્તાવ છે. આ એક્ટ અંતર્ગત પરિવાર પ્રાયોજિત વિઝા પર દેશ દીઠ 7%ની સીમાને 15% સુધી વધારવામાં આવશે. નોંધનીય છે કે અમેરિકામાં વિદેશી મૂળની વસતીમાં ભારતીય વસાહતીઓનો હિસ્સો 16% છે.

➤ **ડેન્માર્કે કુત્રિમ ટાપુના નિર્માણની મંજૂરી આપી**

ડેન્માર્કની સંસદે કુત્રિમ ટાપુ માટેની યોજનાઓને મંજૂરી આપી છે. જેમાં 35,000 લોકો રહશે અને કંપનહોગ બંદર દરિયાની સપાટીને વધતા સ્તરને સુરક્ષિત રાખવામાં મદદ કરશે. આ વિશાળ ટાપુનું ક્ષેત્રફળ 1 ચોરસ માઈલ હશે અને તેને રિંગરોડ, ટનલ અને મેટ્રોલાઈન દ્વારા મુખ્ય ભૂમિ સાથે જોડવામાં આવશે. આ ઉપરાંત અહીં ડેમ પણ બનાવવામાં આવશે. નોંધનીય છે કે કંપનહોગ ડેનમાર્કની રાજધાની તેમજ સૌથી વધુ વસતી ધરાવતું શહેર છે. આ ટાપુના નિર્માણને પર્યાવરણવાદીઓના વિરોધના સામનો કરી રહ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

- કોવિડ-19 મહામારી અંગે કેન્દ્ર સરકારે કેટલા નવા હેલ્પલાઈન નંબર ચાલુ કર્યા છે ? – 4
- તાજેતરમાં બ્લેક ફંગસ જેવા જ કયા રોગના કેસ વધી રહ્યા છે ? – એસ્પરગિલોસિસ
- ચીન 2021માં કેટલા અવકાશ યાત્રીઓને અંતરીક્ષ સ્ટેશનમાં મોકલશે ? – 3
- તાજેતરમાં કઈ ટેનિસ મહિલા ખેલાડીએ ફ્રેન્ચ ઓપનમાંથી બહાર નિકળવાનો નિર્ણય કર્યો છે ? – સુશ્રી નાઓમી ઓસાકા
- સુશ્રી નાઓમી ઓસાકા કયા દેશના પ્રસિધ્ધ મહિલા ટેનિસ ખેલાડી છે ? – જાપાન
- તાજેતરમાં ગોવા સરકારે GIFTની સ્થાપના કરી છે. તેનું પૂરું નામ જણાવો ? – Goa Institution for Future Transformation
- OECDએ ભારતના વિકાસ દરનુ અનુમાન ઘટાડીને કેટલા ટકા કર્યુ છે ? – 9.9
- OECDનું પૂરું નામ શું છે ? – આર્થિક સહકાર અને વિકાસ સંગઠન
- CSIRએ પાણીને જંતુ મુક્ત બનાવવા માટે કઈ તકનીક વિકસાવી છે ? – SWASTIK
- બગાયતિ ઉત્પાદનોની નિકાસને પ્રોત્સાહન માટે કયો કાર્યક્રમ શરૂ કર્યો છે ? – બગાયત કલસ્ટર વિકાસ કાર્યક્રમ
- વાય.એસ.આર જગન્ના કોલોની પ્રોજેક્ટ કયા રાજ્ય સાથે સંકળાયેલી છે ? – આંધ્રપ્રદેશ
- 4 જૂન થી ગુજરાતમાં કેટલા લાખ લોકોને નિ:શુલ્ક વેક્સિન આપવામાં આવશે ? – 3 લાખ
- 'ઈગલ એક્ટ' કયા દેશનો વિઝા સંબંધિત કાયદો છે ? –અમેરિકા
- તાજેતરમાં કયા દેશે કુત્રિમ ટાપુના નિર્માણની મંજૂરી આપી છે ? –ડેનમાર્ક
- તાજેતરમાં ગુજરાતનો 'સ્ટેટ એકશન પ્લાન ઓન કલાયમેન્ટ ચેન્જ' કોના દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે ? –IIM અમદાવાદ અને IIT ગાંધીનગર

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. તાજેતરમાં કેન્દ્ર સરકારે નેશનલ ડિજિટલ હેલ્થ મિશન અંતર્ગત UHI લોન્ચ કર્યુ છે. તેનું પૂરું નામ જણાવો ?
– Unified Health Interface

2. સૌથી ઝડપી માઉન્ટ એવરેસ્ટ પર ચડનાર સુશ્રી ત્સાંગ યિન–હંગ કયા દેશના છે ? – હોંગકોંગ
(હોંગકોંગના સુશ્રી ત્સાંગ યિન–હંગે વિશ્વનું સૌથી ઉંચુ શિખર એવરેસ્ટ પર સૌથી ઝડપી ચડવાનો રેકોર્ડ બનાવ્યો છે. તેમણે 25 કલાક 50 મિનિટના રેકોર્ડ સમયમાં શિખરને સર કર્યુ હતું.)

3. કયા દેશએ નામિબિયા નરસંહારને સત્તાવાર રીતે માન્યતા આપી છે ? – જર્મની

4. તાજેતરમાં 'State of RanSomware-2021' રિપોર્ટ કોણે પ્રકાશિત કર્યો છે ? – સાયબર સુરક્ષા ફર્મ સોફોસ
(વૈશ્વિક સાયબર સુરક્ષા ફર્મ સોફસે 'સ્ટેટ ઓફ રેન્સમવેર- 2021' રિપોર્ટ પ્રકાશિત કર્યો છે. આ રિપોર્ટ અનુસાર 68% ભારતીય સંસ્થાઓ રેન્સમવેરથી અસર થઈ હતી. રેન્સમવેર હુમલાની દષ્ટિએ ભારત સૌથી અસરગ્રસ્ત દેશોમાંનો એક છે.)

5. ભારતનું પ્રથમ સ્વદેશી 'Temperature Data Logger'નું નામ જણાવો ? – AmbiTAG
(AmbiTAG IIT રોપરે વિકસિત કર્યુ છે. જે ભારતનું પ્રથમ સ્વદેશી તાપમાન ડેટા લોગર છે. AmbiTAG USB ડિવાઈસના કદ જેવું છે અને તે તેના આસપાસના તાપમાનને સતત રેકોર્ડ કરે છે. તે કોઈપણ સમય ઝોનમાં એક જ ચાર્જ પર 90 દિવસ માટે 40 ડિગ્રીથી 80 ડિગ્રી તાપમાન નોંધી શકે છે.)

6. NGC 691 શું છે ? – અવ્યવસ્થિત સર્પાકર આકાશગંગા
(તાજેતરમાં NASAએ હબલ સ્પેસ ટેલિસ્કોપ દ્વારા NGC 691 નામના સર્પાકર આકાશગંગાની સુંદર તસ્વીર મેળવી છે.)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

7. તાજેતરમાં કોણે 'વજ્ર કવચ જીવાણું નાશકક્રિયા સિસ્ટમ' વિકસાવી છે ? – મુંબઈ સ્થિત સ્ટાર્ટ–અપ ઈન્દ્ર વોટર

8. તાજતેરમાં કયા રાજ્યએ તેના સ્થાપના દિવસ નિમિતે 'સોલાર આધારિત ઈલેક્ટ્રિફિકેશન પ્રોગ્રામ'નો પ્રારંભ કર્યો હતો ? – ગોવા

9. આંતરરાષ્ટ્રીય એસ્ટ્રોનોમિકલ યુનિયનએ ચંદ્રની વિશેષતાઓ માટે કઈ ભાષામાં આઠ નામોને મંજૂરી આપી છે ?
– ચીની ભાષા

10. લિટલ બ્લડટેલ, જે ચોમાસાનું અગ્રદૂત ગણાય છે, તે કયા પ્રકારની પ્રજાતિ છે ? – ડ્રેગન ફલાય

11. ચાર હજાર વર્ષ જૂનું 'વ્હાઈટ યુધ્ધ સ્મારક' સમાચારોમાં રહ્યું હતું તે કયા દેશમાં સ્થિત છે ? – સીરિયા

12. ગુજરાતના સ્મિત પટેલ ભારત છોડી કઈ દેશ માટે ક્રિકેટ રમશે ? – અમેરિકા

13. કોવિડ સંકટને ઓછુ કરવાના પગલા તરીકે, ભારતમાં જાહેર ક્ષેત્રોની બેંકોએ વ્યક્તિઓને કેટલી રકમ સુધી લોન આપવાની જાહેરાત કરી છે ? – 5 લાખ રૂપિયા

14. 'તિયાનઝાઉ-2' (Tianzhou-2) કયા દેશનું આવકાશયાન છે ? – ચીન

15. તાજેતરમાં કયા દેશમાં મનુષ્યમાં બર્ડ ફ્લૂનો પ્રથમ કેસ જોવા મળ્યો છે ? – ચીન

(ચીનના પૂર્વ પ્રાંત ઝિઆન્ગસુમાં H1ON3 બર્ડ ફ્લૂનો પ્રથમ કેસ જોવા મળ્યો છે. એક 41 વર્ષીય વ્યક્તિમાં H1ON3 વાયરસ જોવા મળ્યો હતો.)

16. તાજેતરમાં 'Asia-Pacific Cybersecurity Council' કોણે શરૂ કર્યું છે ? – માઈક્રોસોફ્ટ

17. ન્યૂઝીલેન્ડે કઈ સંસ્થા સાથે 'અંતરિક્ષ કરાર' પર હસ્તાક્ષર કર્યા છે ? – NASA

(ન્યૂઝીલેન્ડે તેમના અવનવા અવકાશ ઉદ્યોગને વેગ આપવાના હેતુથી નાસા સાથે અંતરિક્ષ કરાર પર હસ્તાક્ષર કરનાર એક નવીનતમ દેશ બન્યો છે ન્યૂઝીલેન્ડ આર્ટેમિસ એકોર્ડમાં સહી કરનાર 11 મો દેશ છે.)

18. ICMRએ તાજેતરમાં કઈ એન્ટિજન ટેસ્ટ કિટને મંજૂરી આપી છે ? – PanBio Test Kit

(ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR)એ PanBio Test Kit ની મંજૂરી આપી છે. આ પરીક્ષણ કીટ શિકાંગોના એબોડ રેપિડ ડાયગ્નોસ્ટિકસ વિભાગ દ્વારા વિકસાવવામાં આવી છે.)

19. તાજેતરમાં કયા દેશે COVAX સુવિધા માટે વધારાના 800 મિલિયન ડોલર આપવાનું નક્કી કર્યું છે ? – જાપાન

20. NASAએ કયા ગ્રહના વાતાવરણ અને ભૂસ્તર શાસ્ત્રીય લાક્ષણિકતાઓની તપાસ માટે બે નવા રોબોટિક મિશનની જાહેરાત કરી છે ? – શુક્ર

21. ______માનવ વિકાસ બ્યૂરો તરીકે જાહેરાત કરાયેલી ભારતની પ્રથમ સંસ્થા બની છે. – RDSO

22. તાજેતરમાં કઈ રાજ્યએ એન્જિનિયરિંગ અને મેડિકલ કોલેજોમાં 33% અનામત આપવાની ઘોષણા કરવામાં આવી છે ? – બિહાર

23. 'લાલ પર્યટન' તાજેતરમાં સમાચારમાં રહ્યું હતું તે કયા દેશ સાથે સંકળાયેલ છે ? – ચીન

(તાજેતરમાં ચીન 'લાલ પર્યટન'ને પ્રોત્સાહન આપી રહ્યું છે જેનો અર્થ એ છે કે લોકોને તે સ્થળોની મુલાકાત લેવા પ્રોત્સાહિત કરવામાં આવે જેનું સામ્યવાદી પક્ષ માટે ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્વ છે.)

24. ઈરાની નૌકાદળનું કયું જહાજ તાજેતરમાં ઓમાનના અખાતમાં ડુબી ગયું હતું ? – ખારગ

25. ભારતના કયા રાજ્યએ તાજેતરમાં 'અંકુર' યોજના શરૂ કરી છે ? – મધ્યપ્રદેશ

26. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'રાબતા મુહિમ' અભિયાન કયા રાજ્યમાં અમલમાં મુકવામાં આવ્યું છે ? – પંજાબ

27. તાજેતરમાં 7 કલાકનું સ્પેસવોક કરનાર ઓલેગ નીવિત્સકી અને પ્યાંત્ર ડબરોવ કયા દેશના છે ? – રશિયા

28. 'Madadmaps' (મદદ મેપ્સ) એક રિઅલ ટાઈમ ઓનલાઈન નકશો છે જે કયા ઉદ્દેશ્યથી વિકસાવવામાં આવ્યો છે ?

– COVID- 19 દર્દીઓ માટે ખાલી બેડની જાણકારી માટે

29. તાજેતરમાં હવામાન સંબંધિત ઉપગ્રહ 'Fengyun-4B' કયા દેશ દ્વારા લોન્ચ કરવામાં આવ્યો છે ? – ચીન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

30. 'Mission Innovation Clean Tech Exchange' કયા દેશ દ્વારા શરૂ કરવામાં આવ્યું છે ? – ભારત

(ભારતે 'મિશન ઈનોવેશન ક્લીનટેક એક્સચેન્જ' શરૂ કર્યુ છે જે એક વૈશ્વિક પહેલ છે. જેનો મુખ્ય ઉદ્દેશ સ્વચ્છ ઉર્જા નવીનતાને પ્રોત્સાહન આપવા માટે સભ્ય દેશોમાં ઈન્ક્યુબેટર્સનું નેટવર્ક બનાવવાનું છે. આ મિશનની શરૂઆત ચિલી દ્વારા આયોજિત 'ઈનોવેટિંગ ટૂ નેટ ઝીરો સમિટ, 2021' પર કરવામાં આવી હતી. )

31. તાજેતરમાં કેન્દ્ર સરકારે 'Teacher Eligibility Test' (TET) પ્રમાણપત્રની અવધિને 7 વર્ષ થી વધારી કેટલી નક્કી કરવામાં આવી છે ? – આજીવન

32. કોણે ફાઈબર આધારિત એમ્ફોટેરિસિન બી ઓરલ ટેબ્લેટ વિકસાવી છે ? – IIT હૈદરાબાદ

33. તાજેતરમાં ચીને વસતી નિયંત્રણ માટે સ્થાપિત બે બાળકોની નીતિમાં રાહત આપી છે. હવેથી ચીનમાં દરેક પરણિત દંપતિને કેટલા સંતાન રાખવા દેવામાં આવશે ? – 3

34. ઈસાક હર્ઝોગ (Isaac Herzog) કયા દેશના 11 માં રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા છે ? – ઈઝરાયલ

35. શ્રીલંકાના દરિયાકાંઠે ડૂબી ગયેલ MVx-Press Pearl કયા દેશનું જહાજ છે ? – સિંગાપોર

36. 'વિશ્વ સતત વિકાસ શિખર સંમેલન-2021'ની થીમ શું હતી ?

– Redefining our Common Future : Saf & Secure Environment for All

37. સંરક્ષણ એક્વિઝિશન કાઉન્સિલએ કેટલી સબમરીન માટેના સોદાને મંજૂરી આપી છે ? – 6

(સંરક્ષણ એક્વિઝિશન કાઉન્સિલએ ભારતીય નૌકાદળ માટે 6 પરંપરાગત સબમરિન બનાવવા માટેના મેગા પ્રોજેક્ટને મંજૂરી આપી દીધી છે. સંરક્ષણ મંત્રી રાજનાથસિંહની અધ્યક્ષતામાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.)

38. તાજેતરમાં કયા કેન્દ્રશાસિત પ્રદેશે 'YounTab' યોજના શરૂ કરી છે ? – લદ્દાખ

(લદ્દાખના ઉપરાજ્યપાલ શ્રી આર.કે માથુરે વિદ્યાર્થીઓ માટે YounTab યોજના શરૂ કરી છે. આ યોજના અંતર્ગત લગભગ 12,3000 ટેબલેટ આપવામાં આવશે.)

39. CBSCએ તેના અભ્યાસક્રમમાં ______ વિષયોનો સમાવેશ કર્યો. – કોડિંગ અને ડેટા વિજ્ઞાન

40. તાજેતરમાં માઉન્ટ મેરાપી નામના જ્વાળામુખીમાં વિસ્ફોટ થયો હતો. તે કયા દેશમાં સ્થિત છે ? – ઈન્ડોનેશિયા

41. 'નોલેજ ઈકોનોમી મિશન' કયા રાજ્ય દ્વારા શરૂ કરવામાં આવ્યું ? – કેરળ

42. કેન્દ્રીય અને પર્યાવરણીય મંત્રીના જણાવ્યા અનુસાર ભારતના વન અને વૃક્ષના આવરણમાં કેટલા ટકાનો વધારો થયો હતો ? – 24.56 ટકા

43. તાજેતરમાં શ્રી અનિરુધ્ધ જગન્નાથનું નિધન થયું હતું. તે કયા દેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ હતા ? – મોરેશિયસ

44. દેવિકા નદી પ્રોજેક્ટ કયા ક્ષેત્રમાં નિર્માણ પામશે ? – જમ્મુ–કશ્મીરના ઉધમપુરમાં

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT